RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 18* Date: 12.11.2020 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના કેર વચ્ચે રૂપાણી સરકારનો મોટો નિર્ણય

# રાજયમાં ૨૩ નવેમ્બરથી શાળાઓ 'અનલૉક'

**કેન્દ્ર સરકારની એસઓપીનું પાલન કરવાની જવાબદારી આચાર્યને આપવામાં આવશે, થર્મલ સ્કેનિંગ બાદ બાળકોને થશે પ્રવેશ, ફાઇનલ યરની કોલેજો પણ ૨૩મી નવેમ્બરથી શરૂ કરાશે**

*ગાંધીનગર,તા.૧૧*

શાળા શરૂ કરવા બાબતે શિક્ષણ વિભાગે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. કોરોનાની મહામારી વચ્ચે દિવાળી પછી રાજ્યમાં શાળા અને કોલેજો શરૂ કરવા માટે કેબિનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી અને કેબિનેટ બેઠકમાં સર્વસંમતિથી શાળા-કોલેજ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શાળામાં કેન્દ્ર સરકારની SOPનું પાલન કરવાની જવાબદારી આચાર્યને આપવામાં આવશે.

આ બાબતે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસામાંએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યુ હતું કે, માર્ચ મહિનાથી લોકડાઉન વચ્ચે ગુજરાત પણ શાળા અને કોલેજો બંધ છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ઓનલાઈન લર્નિંગની વ્યવસ્થા કરી હતી. આજે CMના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં શિક્ષણ કાર્ય તબક્કાવાર શરૂ થાય તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.આ વિષયમાં પરિપક્વ વિચાર કરવા માટે શિક્ષણ વિભાગ, શાળા-કોલેજ અને યુનિવર્સિટી, શિક્ષણ વિદો સાથે બેઠકોનો દોર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ સરકાર દ્વારા આખરી નિર્ણય કરવામાં આવ્યો છે.

સરકારે દિવાળી પછી એટલે કે, ૨૩ નવેમ્બરથી રાજયમાં મધ્યમમિક-ઉચ્ચ માધ્યમિક અને કોલેજોમાં ભૌતિક રીતે શિક્ષણ કાર્ય શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૩ નવેમ્બર સોમવારથી ધોરણ ૯થી ૧૨ના વર્ગ ભારત સરકારની SOP ગાઈડલાઈડના પાલન સાથે શરૂ કરવામાં આવશે. કોલેજ અને યુનિવર્સિટીમાં પ્રથમ તબક્કે પોસ્ટ ગ્રેજ્યુએટ, મેડિકલ અને પેરામેડિકલ વર્ગો શરૂ થશે. અંડર ગ્રેજ્યુએટ કક્ષાએ ફાઈનલ યરના જ ક્લાસ શરૂ કરવામાં આવશે. ITI અને પોલિટેકનિકલ સાયન્સ કોલેજ પણ ૨૩ નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ ઉપરાત કેન્દ્ર સરકારની SOP અનુસાર શાળા-કોલેજમાં ઓનલાઈન એજ્યુકેશન પણ શરૂ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં આવેલી તમામ બોર્ડની સરકારી, ગ્રાંન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ, કસ્તૂર બા બાલિકા વિદ્યાલય, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિભાગની શાળાઓમા પણ આ SOP લાગુ થશે. બાકીના વર્ગો અને ધોરણે શરૂ કરવા બાબતે તબક્કાવાર નિર્ણય કરવામાં આવશે. શાળા-કોલેજોમાં વિદ્યાર્થીની હાજરીની ફરજિયાત ગણવામાં આવશે નહીં. આ માટે વાલીની લેખિત સંમતિ સંસ્થાઓએ મેળવવાની રહેશે. થર્મલ ગનથી શિક્ષક અને વિદ્યાર્થીની દરરોજ ચકાસણી કરવાની, સાબુ વડે હાથ ધોવાની વ્યવસ્થા, સામાજિક અંતર વાળી બેઠક વ્યવસ્થા આ બધી જવાબદારી શાળાના આચાર્યએ લેવાની રહેશે.



વાલીની સંમતિ માટે એક ફોર્મ આપવામાં આવશે અને આ ફોર્મમાં SOPના પાલનની દરેક બાબત પણ દર્શાવવામાં આવશે. આ નિર્ણય આજે મળેલી કેબિનેટ બેઠકમાં સર્વ સંમતિથી લેવામાં આવ્યો છે. બાળકો પ્રાર્થના, મધ્યાહન ભોજન અને રિસેસના સમયમાં ભેગા ન થાય અને સબસિડી બાળકોના ખાતામાં જમા થાય તે તકેદારી અમે લઈશું. શાળા શરૂ થયા પછી અનુભવની સમિક્ષા કર્યા પછી શાળામાં ધોરણ ૧થી ૮ના ક્લાસ ક્યારે શરૂ કરવા તે બાબતે નિર્ણય કરવામાં આવશે. કોઈ વિદ્યાર્થી, શિક્ષક કે, ક્લાર્ક કોરોના સંક્રમિત થશે તો તેને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવશે. શાળાના આચાર્યને ઓડઈવન પધ્ધતિથી પણ શાળા શરૂ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

---

### ૫૧૨ના મોત સાથે મૃત્યુઆંક ૧.૨૭ લાખને પાર, રિકવરી રેટ વધીને ૯૨.૭૯

## દેશમાં ૮૦ લાખ લોકોએ કોરોનાને આપી માત, ૨૪ કલાકમાં ૪૪,૨૮૧ નવા કેસ



ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં કોરોનાથી સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ભારતમાં અત્યાર સુધી ૮૦ લાખથી વધુ લોકો કોરોનાને માત આપી ચૂક્યાં છે. આ સાથે જ દેશમાં કોરોના એક્ટિવ કેસો પણ ઓછા થઈ રહ્યાં છે. જેના કારણે ભારતમાં કોરોનાની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૨૮૧ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ ગાળા દરમિયાન વધુ ૫૧૨ દર્દીઓએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

નવા કેસો ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૬ લાખને પાર પહોંચી ચૂકી છે. જ્યારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધીમાં ૧.૨૭ લાખથી વધુ લોકોને ભરખી ચૂક્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દર્દીઓના સ્વસ્થ થવાનો દર એટલે કે કોરોના રિકવરી રેટ વધીને ૯૨.૭૯% અને મૃત્યુદર ૧.૪૮ ટકા પર પહોંચ્યો છે.

અત્યાર સુધી મળેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ નવા કેસ દિલ્હીમાં નોંધાયા છે. દિલ્હીમાં રેકોર્ડ બ્રેક ૭૮૩૦ નવા દર્દીઓ મળી આવ્યાં છે. જે અત્યાર સુધી દિલ્હીમાં એક દિવસમાં મળેલા સૌથી વધુ કેસ છે. આ સાથે જ દિલ્હીમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪.૫૧ લાખ પર પહોંચી ચૂક્યો છે, જ્યારે ૭૧૪૩ લોકો કોરોનાના કારણે મોતને ભેટ્યા છે.

કેરળમાં ૨૪ કલાકમાં ૬૦૧૦ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ અહીં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪.૯૫ લાખ થઈ ગઈ છે. આ સિવાય સાઉથના અન્ય સ્ટેટ્સમાં તમિલનાડુમાં ૨૧૪૬, આંધ્ર પ્રદેશમાં ૧૮૮૬, તેલંગાણામાં ૧૨૬૭ નવા કોરોના પોઝિટિવ કેસ મળી આવ્યાં છે. આ રાજ્યોમાં કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ક્રમશઃ ૭.૪૮ લાખ, ૮.૪૮ લાખ અને ૨.૫૨ લાખ થઈ ગયો છે.

---

### ઓનલાઈન સમાચાર અને સમસામયિક વિષય વસ્તુ સૂચના મંત્રાલયોના આધિન રહેશે

## હવે સૂચના-પ્રસારણ મંત્રાલયના દાયરામાં આવશે ઓનલાઇન ન્યૂઝ પોર્ટલ



**નોટિફિકેશન જાહેરઃ વેબસિરીઝ હવે બેફામ નહિ રહી શકે, ઓટીટી પ્લેટફોર્મ અને ડિજિટલ મીડિયા પણ સરકારી નિયંત્રણ હેઠળ આવશે**

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકારે આજે ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ, ઓનલાઈન કંટેંટ પ્રોવાઈડર્સને પણ સૂચના અને પ્રસારણ મંત્રાલય હેઠળ લાવવાની અધિસૂચના જાહેર કરી દીધી છે. અગાઉ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક કેસમાં દલીલ આપી હતી કે, ઓનલાઈન માધ્યમોના નિયમન ટીવી કરતા વધારે જરૂરી છે. હવે સરકારે ઓનલાઈન માધ્યમોથી ન્યૂઝ અને કન્ટેન્ટ પુરા પાડનારા માધ્યમોને પણ મંત્રાલય હેઠળ લાવવાનો નિર્ણય લીધો છે.

ઓનલાઇન ન્યૂઝ પોર્ટલ અને મીડિયા વેબસાઇટને રેગ્યૂલેટ કરવા માટે નિયમ બનાવવા પાછાળ ફેક ન્યૂઝ એટલે કે બનાવટી કે પાયા વિહોણા અહેવાલો પર લગામ કસવાનું છે. મંત્રાલયે તેના માટે નોટિફિકેશન જાહેર કરી દીધું છે. તે મુજબ હજે ઓનલાઇન ન્યૂઝ પોર્ટલ, ઓનલાઇન કન્ટેન્ટ પ્રોવાઇડર સૂચના અને પ્રસારણ મંત્રાલગના દાયરામાં આવશે.

ન્યૂઝ પોર્ટલ અને મીડિયા વેબસાઇટ્સને રેગ્યૂલેટ કરવા માટે સરકારે ૧૦ સભ્યોની કમિટી બનાવી હતી. આ કમિટીમાં સૂચના તથા પ્રસારણ, કાયદા, ગૃહ, આઈટી મંત્રાલય અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી અને પ્રમોશનના સચિવોને સામેલ કરવામાં આવ્યા. આ ઉપરાંત સ્અર્ધ્દૃના ચીફ એક્ઝિક્યૂટિવ અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન અને ઈન્ડિયન બ્રોડકાસ્ટર્સ એસોસિએશનના પ્રતિનિધિઓને પણ સભ્ય બનાવવામાં આવ્યા છે. કમિટી તરફથી ઓનલાઇન મીડિયા, ન્યૂઝ પોર્ટલ અને ઓનલાઇન કોન્ટેન્ટ પ્લેટફોર્મ માટે યોગ્ય નીતિઓની ભલામણ કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવેલા કેન્દ્ર સરકારના સોગંધનામા મુજબ, દેશભરમાં સરકારે ૩૮૫ ચેનલોને નિયમિત ન્યૂઝ ચેનલના લાઇસન્સ આપ્યા છે. આ ચેનલ સમાચારોની સાથે મનોરંજનના કાર્યક્રમો પ્રસારિત કરે છે. તેમાં ઈન્ટરવ્યું, ડિબેટ કાર્યક્રમ અને જનતા સુધી જાણકારી પહોંચાડનારા અન્ય અનેક કાર્યક્રમનો શમાવેશ થાય છે.

આ ઉપરાંત સૂચના અને પ્રસારણ મંત્રાલયે ૫૩૦ એવી ચેનલોને પણ લાઈસન્સ આપ્યા છે જેઓ પૂરી રીતે મનોરંજન, ખેલ અને ભક્તિ, અધ્યાત્મના કાર્યક્રમ પ્રસારિત કરે છે. આ ન્યૂઝ ચેનલોના આત્મ નિયમન

---

### અમારા પંદર વર્ષના કાર્યકાળમાં બિહારમાં એકપણ નરસંહાર નથી થયો

## મુખ્ય પ્રધાન નીતીશ કુમાર જ હશે, તેમાં કોઈ શંકા નથીઃ સુશીલ મોદી

પટના,તા.૧૧

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએને ઝળહળતા વિજય મળ્યા બાદ રાજયના ડેપ્યુટી સીએમ સુશીલ મોદી પહેલીવાર મીડિયાની સામે આવ્યાં છે. એનડીએની જીત માટે તેમણે બિહારની જનતાનો આભાર માન્ય સાથે જ આરજેડી પર જનતાને વિશ્વાસ નથી તેમ કહ્યું. તેમણે આગળ કહ્યું કે આરજેડી ગમે તેટલા ઢાંકપિછોડો કરે, પરંતુ બિહારની જનતા તેમના શાસનકાળને ક્યારે નહીં ભૂલે. ચૂંટણી ટાણે જ તેમના પરિવારના લોકો દરમાંથી બહાર આવી ગયા.

નીતીશ ફરીથી રાજયના મુખ્ય પ્રધાન બનશે એવા સવાલ પર સુશીલ મોદીએ જણાવ્યું કે સીએમ ફરીથી નીતીશ કુમાર જ બનશે, તેમના નામ પર સંશય નથી. અમે પહેલા જ જાહેરાત કરી હતી કે નીતીશ કુમારની ફરી તાજપોશી થશે. તેમના નામ પર જ અમે ચૂંટણી લડીશું. આ જીતમાં જીતનરામ માંઝી અને મુકેશ સહનીની પણ એટલી જ મોટી ભૂમિકા રહી છે જેટલી બીજેપી અને જેડીયુની છે.

ચૂંટણીમાં બળવાખોર ધારાસભ્યો વિશે સુશીલ મોદી કહ્યું કે એલજેપીએ તેમને ટીકીટ ન આપી હોત તો તેઓ બીજા કોઈ પક્ષની ટીકીટ પર લડ્યાં હોત. દરેક ચૂંટણીમાં આવા લોકો તૈયાર થઇ જાય છે. બીજેપી અને જેડીયૂમાં કોઇ મૂંઝવણ નથી. બિહારના લોકોએ વિકાસના કામને લઇને મત આપ્યાં છે. જનતા નોકરીની ખોટી લાલચમાં આવી નહીં. માલે અને ઓવૈસીને બિહારમાં આરજેડીએ ફરી જીવિત કરી નાખ્યાં છે. અમારા પંદર વર્ષના કાર્યકાળમાં બિહારમાં એકપણ નરસંહાર નથી થયો. ૨૦૦૫થી પહેલાના દિવસો યાદ કરી લોકો આજે પણ કાંપી ઉઠે છે.

નીતીશ કુમાર સરકાર ચલાવામાં સહજ અનુભવ કરશે તેના પર તેમણે કહ્યું કે નીતીશ કુમાર પર અમારી પાર્ટીનો કોઇ દબાવ નથી. તેઓ પહેલાની જેમ જ સરકાર ચલાવશે.

---

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૧૨૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૮૩૮૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩૫૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૬૭૮૨૦**



## તંત્રી સ્થાનેથી...

## દેશમાં મોદી મેજીક બરકરાર... વિપક્ષો મનોમંથન કરશે કે કેમ.....?

*દેશમાં આમ પ્રજામાં નોટ બંધીથી લઈને મોંઘવારી,બેરોજગારી સહિતના વિવિધ પ્રશ્નો તેમજ કોરોના સમયમાં લાંબા સમયના લોકડાઉન પછી તબક્કાવાર અનલોક જાહેર કરતા ધીરે ધીરે વિવિધ ક્ષેત્રોને માટે છૂટછાટો આપી અને રોજગાર ધંધા ના રસ્તા ખોલી નાખવામાં આવ્યા.પરંતુ આમ પ્રજામાં સરકાર સામે ભારે આક્રોશ ફરી વળેલો છે. કોરોના મહામારી વચ્ચે બિહાર રાજ્ય સાથે અન્ય રાજ્યોની પેટા ચૂંટણીઓ જાહેર કરવામાં આવી ત્યારબાદ ચૂંટણી પ્રચારથી લઇને મતદાન સુધી અને પરિણામો જાહેર થયાના સમયમાં કોરોના નિયમોના ધજીયા ઉડી ગયા છે.... જાણે કે ભારતમાંથી કોરોનાએ વિદાય લઇ લીધી હોય તેમ....દેશભરમાં મોટાભાગના લોકો માસ્ક,ડિસ્ટન્સ, સેનેટાઇઝરનો ઉપયોગ,હાથ ધોવા વગેરેનું પાલન કરવાથી દૂર થયા છે.....! બીજી તરફ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તામિલનાડુ રાજ્યમાં કોરોના કેસોનો વધારો થવા લાગ્યો છે. ગુજરાત સહિતનાં કેટલાંક રાજ્યોમાં કોરોના કેસો વધવાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે આંધ્ર રાજ્યએ સૌને ચોંકાવી દીધા છે. અહી શાળાઓ ખોલવાની છૂટ આપવામાં આવી અને શાળાઓ ખૂલવા લાગી જેમાં શાળા ખુલી ગયાના ત્રીજા દિવસે ૨૬૮ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૭૦ જેટલા શિક્ષકોનો કોરોના પોઝિટિવ આવ્યો.... ત્યારે બીજા દિવસે સંખ્યા ૬૬૮ થી વધી ગઈ.... મતલબ કોરોના કેસ વધવા લાગ્યા... જેને બીજો તબક્કો કહી શકાય......! અને આ બાબતના દેશભરમાં પડઘા પડયા છે. વાલીઓ પોતાના અભ્યાસ કરતા બાળકોને શાળાએ મોકલવા માટે ડરી રહ્યા છે.....! ત્યારે ગુજરાત જેવા રાજ્યએ નવેમ્બર ૨૩ મીએ શાળા ખોલવાનો નિર્ણય લીધો છે. જ્યારે કે રાજ્યમાં કોરોના સંક્રમિતના નવા કેસ એક જ દિવસમાં ૧૦૭૯ નોંધાયા છે અને અમદાવાદ શહેરમાં ૧૬૬ નવા કેસ નોંધાયા છે. જેને કારણે વિદ્યાર્થીઓના મા-બાપ, વાલીઓમાં ભય વ્યાપી ગયો છે... તેમાં પણ ઠંડીની ઋતુમાં કોરોના કેસ વધવાની બાબતે નિષ્ણાતોએ ચેતવણી આપી છે.....જો કે કોરોના મારક રસી નજીકના સમયમાં જ આવવાની શક્યતા વધી છે.....! છતાં લોકોમાં ડર વ્યાપી ગયો છે જે હકીકત છે.....!*

*દેશમાં બિહાર, મધ્ય પ્રદેશ, ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં સામાન્ય અને પેટા બેઠકોની ચૂંટણીઓમાં મોટા ભાગનો પર મોદીજીનુ-ભાજપનું સ્ટીમ રોલર ફરી વળ્યું છે. તો ચૂંટણી પરિણામો અંગે શેરબજારમાં સટ્ટો રમાયો જેમાં અનેકોનુ મોટા પ્રમાણમાં ધોવાણ થઈ ગયું છે. શેરબજાર અને ઓપિનિયન પોલ પણ ખોટા પડ્યા છે. ટૂંકમાં મોદીજી નો કરિશ્મા છવાઈ ગયેલ છે.... મોદીજીની -ભાજપની ચૂંટણી માટેની આવી જ વ્યુહ રચના રહેશે તો ૨૦૨૪ ચૂંટણીઓમાં તેમનો દબદબો જળવાઈ રહેશે તે નિશ્ચિત છે.....અને વિરોધ પક્ષો નિષ્ફળ રહેશે તે પણ અનુભવાઈ રહ્યુ છે.....! ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં રાજીનામા આપનાર કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપમાં પ્રવેશ લીધા પછી તેમને ભાજપાએ ઉમેદવાર બનાવ્યા અને આ આઠે આઠ ઉમેદવારો ચૂંટણી જીતી ગયા એટલે તે કોંગ્રેસનો સફાયો કરી નાખ્યો... આ કારણે કોંગ્રેસમાં હડકંપ મચી ગયો છે. જૂથવાદને કારણે ચૂંટણી હાર્યાના આક્ષેપો થઇ રહ્યા છે..... પરંતુ ખરેખર તો કોંગ્રેસ માં એક પણ નેતા એવો છે કે જે આમ પ્રજામાં પ્રિય હોય કે નામના હોય.....? જવાબ મળે એક પણ નથી. જે તે સમયમાં માધવસિંહ સોલંકી, ચીમનભાઈ પટેલ, હિતેન્દ્ર દેસાઈ,પ્રબોધ મહેતા,કાન્તિભાઈ ઘિયા જેવા લોકપ્રિય નેતાઓ હતા અને આમ પ્રજામાં પકડ ધરાવતા હતા. અત્યારે આવા કોઈ પણ નેતા કોંગ્રેસમાં છે ખરા.....? આ બાબત કોંગ્રેસ નેતાઓએ વિચારવા સાથે ગ્રામીણ સ્તરે કોંગ્રેસની વફાદાર નેતાઓને મહત્વ આપવાનો સમય આવી ગયો છે. બાકી શહેરી નેતાઓને મોટરના નેતાઓ કહેવામાં આવે છે જે હવે ચાલે તેમ નથી.... કારણ તેઓની પકડ આમ પ્રજામાં નથી.... ગ્રામ્ય સ્તરે આજે પણ કોંગ્રેસના વફાદારો છે અને સંગઠિત છે પરંતુ શહેરમાં તેવું નથી ગ્રામ્ય અને શહેરી વચ્ચે સંગઠન સંકલનની અતિ જરૂરી છે જે વાત કોંગ્રેસે સમજવાની જરૂર છે. બીજી તરફ ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલ સર્વત્ર છવાઇ ગયા છે તો મુખ્યમંત્રી રૂપાણીની પકડ વધુ મજબૂત બની છે તે વાત સ્વીકારવી રહી.....! વંદે માતરમ*

# બિહારના મુખ્યમંત્રી પદની સાતમી વાર શપથ લઈને ઈતિહાસ રચશે નીતીશ કુમાર



પટના,તા.૧૧

બિહાર વિધાનસભા ચૂંટણીમાં જીતની સાથે નીતીશ કુમાર ફરી એકવાર ઈતિહાસ રચવાના છે. તેઓ બિહારના મુખ્યમંત્રી તરીકે સાતમી વાર શપથ ગ્રહણ કરશે. બિહારમાં આરજેડીને હટાવીને મુખ્યમંત્રીની ખુરશી પર બેસનારા નીતીશ કુમારે સત્તાની ધૂરા ક્યારેય પોતાના હાથમાંથી ખસકવા નથી દીધી. નીતીશ બહુમતની સાથે ભલે ૨૦૦૫માં મુખ્યમંત્રી બન્યા પરંતુ આ પહેલા ૨૦૦૦માં પણ તેઓ મુખ્યમંત્રી પદની શપથ લઈ ચૂક્યા હતા. જોકે થોડા મસય બાદ બહુમત સાબિત ન કરી શકવાના કારણે તેમની સરકાર પડી ગઈ હતી.

ત્યારબાદ ૨૦૦૫માં બીજેપી અને જેડીયૂના વ્યાપક ચૂંટણી અભિયાનનો ચહેરો નીતીશ કુમાર બન્યા. આરજેડીના લાંબા શાસનને લઈ લોકોની વચ્ચે ઊભા થયેલા ગુસ્સાનો સીધો ફાયદો નીતીશને મળ્યો અને ૨૪ નવેમ્બર ૨૦૦૫ના રોજ તેઓએ ફરી એકવાર સીએમ પદના શપથ લીધા. આ વખતે તેઓએ પાંચ વર્ષ સુધી સરકાર ચલાવી. ૨૦૧૦માં ફરી એકવાર વિધાનસભા ચૂંટણીમાં બીજેપી-જેડીયૂ પર રાજયની જનતાએ વિશ્વાસ મૂક્યો. ત્યારબાદ નીતીશે ત્રીજી વાર ૨૬ નવેમ્બર ૨૦૧૦ના રોજ શપથ લીધા.

વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં થયેલી હાર બાદ નીતીશ કુમારે રાજીનામું આપી દીધું હતું. ત્યારે આ તેમનો નૈતિક નિર્ણય માનવામાં આવ્યો હતો. તેઓ પોતાના જૂના પાર્ટનર બીજેપીથી અલગ થઈ ચૂક્યા હતા અને લોકસભા ચૂંટણીમાં બીજેપીએ જોરદાર પ્રદર્શન કર્યું હતું. નીતીશે જીતનરામ માંઝીને બિહારના મુખ્યમંત્રી બનાવ્યા. પરંતુ ફરી ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ તેઓએ મુખ્યમંત્રી પદના ચોથી વાર શપથ લીધા.

તે જ વર્ષના અંતમાં બિહારમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ. દશકો સુધી એક-બીજાના પ્રતિદ્વંદી રહેલા નીતીશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ એક થઈ ગયા હતા. મહાગઠબંધન હેઠળ બંનેએ મળીને એનડીએની સામે ચૂંટણી લડી. બંને પાર્ટીઓની ઐતિહાસિક જીત થઈ અને નીતીશ કુમારે પાંચમી વાર ૨૦ નવેમ્બર ૨૦૧૫ના રોજ શપથ લીધા.

પછી લગભગ બે વર્ષ બાદ જ્યારે નીતીશ કુમારે આરજેડી સાથે છેડો ફાડી દીધો તો બીજેપીની સાથે થઈ ગયા. જૂના સહયોગી ફરી એકવાર સાથે આવી ગયા હતા. પરંતુ મુખ્યમંત્રીની ખુરશી પર નીતીશની પકડ એવી જ રહી. ૨૭ જુલાઈ ૨૦૧૭ના રોજ તેઓએ છઠ્ઠી વાર મુખ્યમંત્રી પદના શપથ લીધા. હવે ફરી એકવાર ચૂંટણીમાં એનડીએની જીત થઈ છે. જેડીયૂ સ્પષ્ટ રીતે બીજેપીની સામે જૂનિયર પાર્ટનર બની ચૂકી છે. પરંતુ બીજેપીનો વાયદો કાયમ છે. નીતીશ કુમાર સાતમી વાર મુખ્યમંત્રી પદના શપથ લેતા જોવા મળશે.

### નવા કેલેન્ડર વર્ષથી

## ૧૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે ઈ-ઈનવોઈસ અનિવાર્ય

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકાર નવા વર્ષથી ઈ-ઈનવોઈસ પ્રણાલિમાં ફેરફાર કરવા જઈ રહી છે. આ માટે એક અધિસૂચના જારી કરવામાં આવી છે. અધિસૂચના મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૨૧થી ૧૦૦ કરોડ રૂપિયાથી વધારે પ્રમાણમાં ટર્નઓવરવાળા કારોબારીઓ અને કંપનીઓ માટે બિઝનેસ-ટુ-બિઝનેસ લેણદેણ (બીટુબી ટ્રાન્ઝેક્શન્સ) પર ઈ-ઈનવોઈસ ફરજિયાત બનાવી દેવાયું છે. તેની સાથે પહેલી એપ્રિલ ૨૦૨૧થી બધા કરદાતા માટે બિઝનેસ-ટુ-બિઝનેસ લેણદેણ પર ઈ-ઈનવોઈસ ફરજિયાત થશે. હાલમાં વર્ષે ૫૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે ઈ-ઈનવોઈસ ફરજિયાત છે. ઈ-ઈનવોઈસને ઈ-બિલ પણ કહેવાય છે.

જીએસટી કાયદા હેઠળ બિઝનેસ-ટુ-બિઝનેસ ટ્રાન્ઝેક્શન્સ માટે પહેલી ઓક્ટોબર ૨૦૨૦થી ૫૦૦ કરોડથી વધારે ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે ઈ-ઈનવોઈસ અનિવાર્ય કરી દેવાયું છે. નવા વર્ષથી વર્ષે ૧૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ માટે પણ ઈ-ઈનવોઈસ ફરજિયાત થતા હવે તેમના માટે બે મહિનાથી ઓછો સમય તેમના માટે રહ્યો છે. કંપનીઓએ આ સમયગાળામાં નવા નિયમ મુજબ પોતાના બિલિંગ સોફ્ટવેરને અપગ્રેડ કરવું પડશે.

નવી કાર્યપ્રણાલિ હેઠળ વર્ષે ૧૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી અથવા તેનાથી મોટી કંપનીઓએ દરેક વેચાણ માટે એક યુનિક ઈનવોઈસ રેફરન્સ પોર્ટલ પર જઈને ઈ-ઈનવોઈસ નીકાળવુ પડશે. તેમા એક ઈનવોયર રેફરન્સ નંબર (આઈઆરએન) જનરેટ થશે. નવા વર્ષે આમ ન કરનારી કંપનીઓ બિઝનેસ-ટુ-બિઝનેસ ટ્રાન્ઝેક્શન્સ નહી કરી શકે. સરકારના આ પગલાંથી જીએસટીના નિયમોનું પાલન યોગ્ય રીતે થઈ શકશે. તેનાથી સરકારને જીએસટીથી થતી આવક વધશે.

## લદ્દાખ સરહદે ભારત-ચીનના જવાનો ત્રણ તબક્કામાં પીછેહઠ કરશે

*ન્યુ દિલ્હી,તા.૧૧*

ભારત અને ચીનના પૂર્વી લદ્દાખની સરહદે મે મહિનાથી ચાલી રહેલા ગતિરોધ વચ્ચે મહત્વના સમાચાર સામે આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પૂર્વી લદ્દાખમાં બંને દેશો વચ્ચે તણાવ ટૂંક સમયમાં જ ઘટી શકે છે. બંને દેશોનું સૈન્યએ યથાસ્થિતિ જાળવી રાખવા ત્રણ તબક્કામાં પીછેહટ કરવાની યોજના પર સહમતિ વ્યક્ત કરી હતી. ત્યાર બાદ બંને દેશોની સેનાઓ એપ્રિલ-મે મહિનાની પોતાની જુની સ્થિતિમાં પોત પોતાની સ્થિતિ પર પાછી ફરશે.

એક રિપોર્ટ મુજબ, ભારત અને ચીનની વચ્ચે લદાખના વિવાદાસ્પદ સ્થળોથી સેનાઓ હટાવવા એટલે કે ડિસએન્ગેજમેન્ટને લઈને સહમતિ સધાઈ ગઈ છે. તે મુજબ બંને દેશોના સૈનિક એપ્રિલ-મે મહિનાવાળી જૂની યથાસ્થિતિ પર પરત ફરશે. તેની પર ૬ નવેમ્બરે ચુશુલમાં કોર-કમાન્ડર લેવલની આઠમા ચરણની મંત્રણામાં ચર્ચા થઈ હતી. લદાખના ચુશૂલમાં ૬ નવેમ્બરે ભારત-ચીનની સેનાઓની વચ્ચે આઠમા રાઉન્ડની મંત્રણા થઈ હતી. તેમાં ત્રણ ચરણના પ્લાન પર બંને દેશોએ સહમતિ વ્યક્ત કરી છે.

પહેલા તબક્કામાં પેન્ગોગ લેકના વિસ્તારને એક સપ્તાહમાં ખાલી કરવામાં આવશે. ટેક્ર અને સૈનિકોને પરત મોકલવામાં આવશે. બીજા તબક્કામાં સેનાઓ પેન્ગોગ લેકની પાસેથી રોજ પોતાના ૩૦ ટકા સૈનિકોને હટાવશે. આ પ્રક્રિયા ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ચીની સેના ફિંગર ૮ની પાસે પરત ફરશે, તો બીજી બાજુ ભારતીય સેના પોતાની ધાન સિંહ થાપા પોસ્ટ પર પરત આવશે.

ત્રીજા તબક્કામાં ભારત અને ચીનની સેનાઓ પેન્ગોગ લેક વિસ્તારના દક્ષિણ ક્ષેત્રથી પોતાના સૈનિકોને હટાવશે. તેની સાથે જ ચુશૂલ, રેજાંગ લાની જે પહાડીઓ પર તણાવના સમયે કબજો કરવામાં આવ્યો હતો તેને પણ ખાલી કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા પર બંને સેનાઓ નજર રાખશે, જેની પર સહમતિ સધાઈ છે. કુલ છ સપ્તાહમાં આ

રિપોર્ટ મુજબ, બંને દેશ સેનાઓ હટાવવા માટે એટલા માટે પણ તૈયાર થયા કારણ કે, હાલ પૂર્વ લદ્દાખમાં પહાડોનીએ ચોટ પર ભારે બરફવર્ષા થઈ રહી છે. લગભગ ૧૫-૧૬ હજારની ઊંચાઈ પર તાપમાન માઈનસ ૪૫ ડિગ્રી સુધી જતું રહે છે. તેનાથી બંને દેશોના સૈનિકોની પરેશાની વધી શકે છે.

## દિવાળી ભેટઃ કેન્દ્રે ૧૪ રાજ્યને રૂપિયા ૬,૧૯૫ કરોડ ફાળવ્યા

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકારે મહેસૂલી ખાધની ગ્રાન્ટ પેટે ૧૪ રાજયને માસિક હપ્તા તરીકે કુલ ૬,૧૯૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામનના કાર્યાલયે મંગળવારે ટ્વીટ કર્યું હતું કે '૧૫મા નાણાં પંચની વચગાળાની ભલામણોને આધારે સરકારે આઠમા ઈએમઆઇ (ઈક્વેટેડ મન્થલી ઈન્સ્ટૉલમેન્ટ) તરીકે ૧૪ રાજયને મહેસૂલી ખાધની ગ્રાન્ટના રૂપમાં કુલ મળીને રૂપિયા ૬,૧૯૫.૦૮ કરોડ છૂટા કર્યા છે.'

આ ૧૪ રાજયમાં આંધ્ર પ્રદેશ, આસામ, હિમાચલ પ્રદેશ, કેરળ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલૅન્ડ, પંજાબ, સિક્કિમ, તમિળનાડુ, ત્રિપુરા, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ છે.

વર્તમાન નાણાંકીય વર્ષના એપ્રિલ-ઑક્ટોબરના સમયગાળા દરમિયાન પણ ગ્રાન્ટ તરીકે આટલી જ રકમ છૂટી કરાઈ હતી.રાજ્યોને મહેસૂલી આવકમાં જો કોઈ ખોટ થાય તો એના વળતર તરીકે ગ્રાન્ટ પૂરી પાડવા નાણાં પંચ કેન્દ્રને એક યંત્રણા પૂરી પાડે છે જે પોસ્ટ ડિવોલ્યુશન રેવન્યુ ડેફિસિટ ગ્રાન્ટ તરીકે ઓળખાય

### વિવિધ ઉદ્યોગો માટે સરકારે ઉત્પાદનલક્ષી સહાયની કરેલી જાહેરાત

## મોદી સરકાર પીએલઆઈ સ્કીમ હેઠળ પાંચ વર્ષમાં બે લાખ કરોડનો ખર્ચ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષ પદ હેઠળ મળેલી કેબિનેટ બેઠકમાં ઘણા મહત્ત્વના નિર્ણયો થયા છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે કેબિનેટે પીએલઆઈ સ્કીમને મંજૂરી આપી છે. આ સ્કીમ હેઠળ સરકાર પાંચ વર્ષમાં બે લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. દેશના કુલ દસ સેક્ટરની કંપનીઓને તેનાથી ફાયદો થશે. ઓટો અને ઓટો કમ્પોનન્ટ બનાવનારી કંપનીઓને હવે સૌથી વધારે પ્રોત્સાહન આપવાની તૈયારી છે. દેશમાં ઉત્પાદન વધારવા માટે સરકારે પ્રોડક્શન લિંક્ડ પ્રમોશન સ્કીમે એલાન કર્યુ છે. આ સ્કીમ હેઠળ ઈલેક્ટ્રોનિક ઈન્ડસ્ટ્રીમાં પોતાનું ઉત્પાદન વધારશે તેને પ્રોત્સાહન આપવામાં આવશે.

ઓટો, ઓટો કમ્પોનન્ટ બનાવનારી કંપનીઓ, ફાર્મા, ફૂડ પ્રોડક્ટ, વ્હાઈટ ગૂડ્સ, એડવાન્સ સેલ બેટરી મેન્યુફેક્ચરિંગ કંપનીઓને પ્રોત્સાહન મળી શકે છે. સરકારે એડવાન્સ કેમિસ્ટ્રી સેલ બેટરી માટે ૧૮,૧૦૦ કરોડ રૂપિયાના ઈન્સેન્ટિવનું એલાન કર્યુ છે. ઈલેક્ટ્રોનિક ટેક્નોલોજી પ્રોડક્ટ્સ માટે ૫,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોત્સાહનની જાહેરાત થઈ, ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ સેક્ટર માટે ૫૭,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોત્સાહનની જાહેરાત થઈ. ફાર્મા સેક્ટર માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોત્સાહનની જાહેરાત થઈ.

ટેલિકોમ અને નેટવર્કિંગ પ્રોડક્ટ્સ માટે ૧૨,૧૯૫ કરોડ રૂપિયાના પ્રોત્સાહનની જાહેરાત થઈ. ટેક્સ્ટાઈલ પ્રોડક્ટ્સ માટે ૧૦,૬૮૩ કરોડ રૂપિયાના ઈન્સેન્ટિવનું એલાન થયું છે. ફૂડ પ્રોડક્ટ સેક્ટર માટે ૧૦,૯૦૦ કરોડ રૂપિયાના ઈન્સેન્ટિવનું એલાન થયું છે. હાઈ એફિશિયન્સી સોલર પીવી મોડ્યુલ્સ માટે ૪,૫૦૦ કરોડ રૂપિયાનું એલાન થયું છે. વ્હાઈટ ગૂડ્સ એસી એ્ડ એલઈડી માટે ૬,૨૩૮ કરોડ રૂપિયાનું એલાન થયું છે. સ્પેશ્યિલિટી સ્ટીલ સેક્ટર માટે ૬,૩૨૨ કરોડ રૂપિયાનું એલાન થયું.

### બિહાર છોડીને તમે રાષ્ટ્રીય રાજકારણમાં આવો

## નીતિશ કુમાર ભાજપને છોડી આરજેડી સાથે સરકાર બનાવેઃ દિગ્વિજયસિંહની સલાહ

ભોપાલ,તા.૧૧

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંઘે બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમારને એવી જાહેર અપીલ કરી હતી કે ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને છોડીને તમે તેજસ્વી યાદવને આશીર્વાદ આપો એટલે કે તેજસ્વીને કોંગ્રેસના સહયોગથી બિહારમાં સરકાર રચવાની તક આપો.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં તેજસ્વી યાદવના પક્ષ રાજદને સૌથી વધુ એટલે કે ૭૫ બેઠકો મળી હતી. કોંગ્રેસને ૧૯ બેઠકો મળી હતી એટલે આ બે પક્ષો અપક્ષો અથવા અસદુદ્દીન ઓવૈસી જેવાના ટેકાથી સરકાર રચી શકે એમ છે. એ હકીત ધ્યાનમાં રાખીને દિગ્વિજય સિંઘે નીતિશ કુમારને અપીલ કરી હતી કે તમે ભાજપ અને આરએસએસનો સાથ હવે છોડી દો. તમારે માટે બિહાર હવે નાનું પડે છે. તમારે તો રાષ્ટ્રીય રાજકારણમાં ઝુકાવવું જોઈએ.

આ સંદર્ભ પણ સમજવા જેવો છે. અગાઉ નીતિશ કુમાર ભાજપના વરિષ્ઠ નેતા અટલ બિહારી વાજપેયીની કેન્દ્ર સરકારમાં પ્રધાન હતા. પાછળથી એ રાષ્ટ્રીય રાજકારણ છોડીને બિહારમાં પાછા ફર્યા હતા. છેલ્લાં પંદર વર્ષથી એ બિહાર પર રાજ કરે છે. દિગ્વિજયે કહ્યું કે ભાજપ અને આરએસએસ એવી અમરવેલ છે જે બીજા જે વૃક્ષને વળગે એ વૃક્ષને નષ્ટ કરી દે છે. આ બંને જદયુને નષ્ટ કરી દેશે. તમે અમરવેલને વિકસવા ન દો. લાંબે ગાળે તમારા હાથમાંથી બિહાર પણ જશે. એના કરતાં તમે અત્યારથી અમરવેલનાં મૂળને ખતમ કરીને રાજદ કોંગ્રેસની સરકાર રચવાની તક આપો. બિહારની પ્રજા તમને આશીર્વાદ આપશે અને ઈતિહાસમાં તમારા પ્રદાનની નોંધ લેવાશે.

### સેન્સેક્સ વિક્રમજનક સપાટી ૪૩૫૯૩ની સપાટીએ બંધ

## શેરબજારમાં તેજીની આગેકૂચઃ સેન્સેક્સ ૩૧૬ અંક ઉછળ્યો

*મુંબઈ,તા.૧૧*

સકારાત્મક વૈશ્વિક સંકેતોને કારણે શેર બજાર સપ્તાહના ત્રીજા ટ્રેડિંગ દિવસે એટલે કે બુધવારે વધારા સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેંજનો ફ્લેગશિપ ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૭૩ ટકા વધીને (૩૧૬.૦૨ પોઈન્ટ) વધીને ૪૩૫૯૩.૬૭ પર બંધ રહ્યો. તો નેશનલ સ્ટોક એક્સચેંજ નિફ્ટી ૦.૯૩ ટકા (૧૧૮.૦૫ પોઈન્ટ) વધીને ૧૨૭૪૯.૧૫ ના સ્તર પર બંધ થયો. દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે હિંડાલ્કો, ટાટા સ્ટીલ, ડોક રેડ્ડી, એક્સિસ બેંક અને આઈશર મોટર્સના શેર લીલા નિશાન પર બંધ થયા છે. ઈન્ડસઈન્ડ બેંક, રિલાયન્સ, ટાઈટન, એશિયન પેઈન્ટ્સ અને બ્રિટાનિયાના શેરો લાલ નિશાન પર બંધ થયા છે.



જો આપણે સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે મીડિયા અને પીએસયુ બેંક સિવાયના તમામ ક્ષેત્રો લીલા નિશાન પર બંધ થયા છે. જેમાં ફાર્મા, આઈટી, એફએમસીજી, બેંકો, ખાનગી બેક્રો, ફાઈનાન્સ સેવાઓ, રિયલ્ટી, ધાતુઓ અને ઓટોનો સમાવેશ થાય છે.

બજાર ખાતે લિસ્ટેડ કંપનીનું કુલ બજાર મૂલ્ય રૂપિયા ૧૬૭ લાખ કરોડ થયુ છે. સેન્સેક્સ પેકની ૩૦ પૈકી ૬ કંપનીના શેરોમાં મંદીમય માહોલ જોવા મળતો હતો. જ્યારે ૨૪ કંપનીના શેરોમાં તેજી જોવા મળી હતી. માર્કેટ બ્રેડથ તેજીમય હતું. BSE ખાતે કુલ ૨,૯૩૪ સ્ક્રીપમાં કામકાજ થયુ હતું, જે પૈકી ૧,૪૩૧ સ્ક્રીપમાં તેજી અને ૧,૨૯૮ સ્ક્રીપ મંદીમય માહોલ જોવા મળ્યો હતો. જોકે ૨૦૫ સ્ક્રીપમાં કોઈ ફેરફાર થયો ન હતો. નિફ્ટીમાં હિન્દાલ્કોના શેર ૮ ટકા વધીને બંધ આવ્યો હતો. ટાટા સ્ટીલ પણ ૭ ટકા સુધરીને બંધ આવ્યો છે. લ્યુપિન ૫ ટકા, જયારે ઈન્ડસઈન્ડ બેક્ર ૫ ટકા ગગડી બંધ આવ્યો છે. બેક્ર ઓફ બરોડાના શેરોમાં ૨ ટકાનો ઘટાડો થયો હતો.

### કોરોનાની બીજી લહેર અમેરિકાને કદાચ ભારે પડશે

## અમેરિકામાં કોરોનાનો કેરઃ એક જ દિવસમાં બે લાખ કેસ

વોશિંગ્ટન,તા.૧૧

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીની ગરમી હવે ઠંડી પડવા આવી છે ત્યારે છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના બે લાખ કેસ નવા આવ્યા હતા. જો બાઈડન જ્યારે સત્તાનાં સૂત્રો ગ્રહણ કરે ત્યારે સૌથી વધુ સિરદર્દ આ મુદ્દે એમને થશે.

બે લાખ નવા કેસ સાથે અમેરિકામાં સંક્રમિતોની સંખ્યા દસ કરોડના આંકને વટાવી ગઇ હતી કોરોના સંક્રમણનો કુલ આંકડો ૧૦ કરોડ ૫૫ લાખ, ૯,૧૮૪ની થઇ ગઇ હતી.

વર્લ્ડો મીટર વેબસાઈટના એક રિપોર્ટ મુજબ કોરોનાના પગલે અમેરિકામાં અત્યાર સુધીમાં બે લાખ ૪૫ હજાર ૭૯૯ લોકોનાં મરણ થયાં હતાં. અત્યાર સુધીમાં ૬૬ લાખ ૧.૩૩૧ લોકો સાજા થઇ ને ઘરે પાછાં ફર્યાં હતાં. અત્યારે અમેરિકામાં ૩૭ લાખ ૧૨ હજાર ૫૪ વ્યક્તિની સારવાર ચાલી રહી હતી.

નિષ્ણાતો માને છે કૈ આવી રહેલો શિયાળો અમેરિકામાં કોરોનાની બીજી લહેરને વધુ ઘાતક બનાવશે અને વધુ લોકો કોરોનાગ્રસ્ત થઇને જાન ગુમાવશે. ટ્રમ્પ અત્યારે પોતાનું બધું વાઈન્ડ અપ કરવામાં વ્યસ્ત રહેવાથી કોરોનાની બીજી લહેરને ડામવામાં ઝાઝો ઉત્સાહ નહીં દાખવે.

જો બાઈડન સત્તાનાં સૂત્રો ગ્રહણ કરે ત્યાં સુધીમાં આ મુદ્દે ઘણું મોડું થઇ ગયું હશે. વિશ્વ આરોગ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન વ્હૂ)એ પણ અમેરિકામાં વધી રહેલા કોરોનાના કેસ અને કોરોનાની બીજી લહેરના મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

## આરજેડીએ નીતીશ કુમાર પર ચૂંટણી પરિણામમાં હેરાફેરી કરવાનો આરોપ લગાવ્યો

પટના,તા.૧૧

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં નીતીશ કુમારનો ૧૨૫ બેઠકો સાથે વિજય થયો છે. જયારબાદ રાષ્ટ્રીય જનતા દળે બિહાર ચૂંટણીના પરિણામમાં હેરફેરી કરવાનો આરોપ લગાવ્યો છે. આરજેડીનું કહેવું છે કે ષડયંત્ર તકીને ચાર-પાંચ કલાક સુધી એનડીએ ટેલીને ૧૨૨ અને મહાગઠબંધનને ૯૬-૧૦૦ની વચ્ચે રખાયા હતા.. આટલું રોક્યા પછી પણ જયારે મહાગઠબંધન આગળ વધી રહ્યું હતું ત્યારે મુખ્યમંત્રી આવાસથી પરિણામમાં હેરાફેરી કરવા માટે સીધા જિલ્લા અધિકારીઓના ફોન આવવા લાગ્યા. ચૂંટણીનું આયોજન કરનારા તમામ લોકો રાજ્યના અધિકારીઓ જ છે.

આ અગાઉ તેજસ્વી યાદવે પણ ચૂંટણીના પરિણામ આવવામાં સમય લાગી રહ્યો હોવાની વાત પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ મામલે ચૂંટણી આયોગે કહ્યું હતું કે તેઓ ક્યારેય કોઈના પણ દબાણમાં આવીને કામ નથી કરતા. કોરોનાની પરિસ્થિતિમાં પરિણામ આવવામાં સમય લાગે તે સ્વાભાવિક છે. મોટા ભાગની બેઠકો પર પરિણામ જાહેર થઈ ચૂક્યા છે. જયાં ઉમેદવારોના મતોમાં સામાન્ય ફેરફાર છે ત્યાં ફરીથી ગણતરી કરવી પડતી હોય છે. જયારે આ સિવાય અન્ય કેટલાક કારણો સર પણ પરિણામ આવવામાં સમય લાગી શકે છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

દિવાળી..
નાની નાની કાલી કાલી
મારી ભાષા કેરી વહાલી..
દિવાળી..!
અગિયારસે બા પૂજતી
ઉંબરા ને કરતી સાથિયા..
તોરણ બાંધતી ઘર સજાવતી
રંગોને આવકારતી..!
વાઘબારસનો મહિમાં કહેતી
સંભળાવતી અને સમજાવતી,
ગૌવત્સ દ્વાદશી ને સરસ્વતી
પૂજાય..!
ધનતેરસને દિવસે કરતી કરાવતી
સૌ પાસે લક્ષ્મીને સૂવર્ણની આરતી,
પૂજા..!
કાળી ચૌદસે કકળાટ કાઢતી
નજર ઉતારતી,આંખે મેશ આંજતી,
હરખાતી..!
દિવાળીએ ચોપડાને શાહી કિત્તા
મૂકાતા ગાદીએ, કહેતી થશે ધંધા વતી,
ખ્યાતિ..!
નવા વર્ષે શુકનનું સબરસ લેતી
નૂતન વર્ષાભિનંદન કહેવડાવતી,
હેત વર્ષાવતી..!
બા હવે ક્યાં છે, મારી એ દિવાળી..?
મારી નાની નાની કાલી કાલી
મારી ભાષા કેરી વહાલી દિવાળી!
દિવાના પ્રકાશે, કરશું દૂર જાતિ પાતિ
અજ્ઞાનતાનો અંધકાર,અને લાવીશું
વિશ્વ શાંતિ,
મઘમઘતી..!
બા તે હશે મારી વહાલી દિવાળી
જ્યોત ઝગમગશે ને જ્ઞાન મઘમઘશે,
પ્રગટશે જ્ઞાન જ્યોતિ..!
બા તે હશે મારી વહાલી દિવાળી!
જયશ્રી પટેલ

---

લાગણીથી ખળખળો તો
છે દિવાળી,
પ્રેમના રસ્તે વળો તો
છે દિવાળી.
એકલા છે જે સફરમાં
જિંદગીની,
એમને જઈને મળો તો
છે દિવાળી.
છે ઉદાસી કોઈ આંખોમાં
જરા પણ,
લઇ ખુશી એમાં ભળો તો
છે દિવાળી.
જાતથી યે જેમણે ચાહયા
વધારે,
એમના ચરણે ઢળો તો
છે દિવાળી.
દીવડાઓ બહાર
પ્રગટાવ્યે થશે શું ?
ભીતરેથી ઝળહળો તો
છે દિવાળી......!
Happy diwali in advance
Jay shri krishan

---

છે દિવાળી આજ.
લાગણીથી ખળખળો તો
છે દિવાળી આજ,
પ્રેમના રસ્તે વળો તો
છે દિવાળી આજ.
એકલા છે જે સફર માં જિંદગીની,
એમને જઈને મળો તો
છે દિવાળી આજ.
છે ઉદાસી કોઈ આંખોમાં જરા પણ,
લઇ ખુશી એમાં ભળો તો
છે દિવાળી આજ
ઘાવ જે લઈને ફરે છે કૈંક જૂના,
પીડા એની જો કળો તો
છે દિવાળી આજ.
જાતથી યે જેમણે ચાહયા વધારે,
એમના ચરણે ઢળો તો
છે દિવાળી આજ.
દીવડાઓ બહાર પ્રગટાવ્યે
થશે શું ? ભીતરેથી ઝળહળો તો
છે દિવાળી આ
આપ સૌ સ્નેહી મિત્રો ને આજ થી પ્રારંભ થતા દિપાવલી પર્વ ની હાર્દિક શુભકામનાઓ શ્રીહરિ ચરણકમલ માં મંગલ કામનાઓ સાથે
જય શ્રીમન્નનારાયણ

---


દઇ અજવાળું જાત જલાવી,
અંધારી આ રાત ભગાવી,
ઉજવી લઇએ રોજ દિવાળી.
મનના મેલા ભેદ ભુલાવી,
હૈયા સાથે હૈયું મિલાવી,
ઉજવી લઇએ રોજ દિવાળી.
ખાલીપાને દૂર ભગાવી,
હૈયે હરખના રંગ પુરાવી,
ઉજવી લઇએ રોજ દિવાળી.
માનવતાનો દિપ પ્રગટાવી,
શાંતિનો સંદેશો ફેલાવી,
ઉજવી લઇએ રોજ દિવાળી.
હળવા હેતે દ્વાર સજાવી,
ભીતરથી પણ ભીતર આવી,
ઉજવી લઇએ રોજ દિવાળી.
મેહુલ ત્રિવેદી ખેરાળી.

---

NG/0044
વિભાગઃ- પદ્ય.
દિવાળી.
૧.આવી દિવાળી પ્રસારતી ઓજસ
રહો મોજમાં.
૨.આવી દિવાળી પ્રેમરુપી તેલથી
પ્રકાશે દીવો.
૩.આવી દિવાળી ઝગમગે દીવડો
ઘર આંગણે.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા

---

NOG number - 0068
વિભાગ - પદ્ય
મૌલિક રચના
શીર્ષક - દિવાળી-૨
આજકાલ કરતા કરતા આવી જશે દિવાળી,
વરસ રાહ જોતાં આવી જશે દિવાળી....
ખ્રિસ્ત ઉજવે નાતાલ, ઈદ ઉજવે મુસ્લિમ,
સૌ ભેગા મળતાં આવી જશે દિવાળી...
કાળા - ધોળા , લાંબા - પાતળા સૌ એક ,
કાર્યકારણથી ભેગા થતા આવી જશે દિવાળી...
ગરીબ - ધનવાન બંનેના ઘરમાં થશે રોશની,
દીવો પ્રગટાવતા પ્રગટાવતા આવી જશે દિવાળી...
આમ તો આખો વરસ છે દિવાળી,
ધારીએ તો શેઠ નહિ તો ભિખારી..
પૂર્ણવિરામ છે દુઃખો પર આજે તો,
સૌને ભેટતાં ભેટતાં આવી જશે દિવાળી...
એકાદશી, બારસ, ધનતેરસ ઉજવતાં ઉજવતાં ,
પૂનમના શુભ દિવસે આવી જશે દિવાળી...
થાક્યો પૂનમના " ચાંદ " ને હું નિહાળી નિહાળી,
ફટાકડા ફોડયા ને આવી ગઈ દિવાળી..!!
નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
માંડવી કચ્છ





## પેટાચૂંટણીમાં કારમી હાર બાદ રાજીનામું આપવા ધાનાણી અને પ્રમુખ ચાવડાએ દર્શાવી તૈયારી

ગાંધીનગર,તા.૧૧

લોકસભાની ચૂંટણી વખતે ય કોંગ્રેસનુ પ્રદર્શન એટલું ખરાબ રહ્યુ હતું કે,કોંગ્રેસે ખાતુ ય ખોલાવી શકી ન હતીં. પેટાચૂંટણીના પરિણામોમાં ય કંઇક આવુ જ થયુ છે. આઠેય બેઠકો પર કોંગ્રેસના સુપડા સાફ થયાં છે જેના કારણે હાર માટે નૈતિક જવાબદારી સ્વિકારી પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ રાજીનામુ આપવા તૈયારી દર્શાવી છે. કસભાની ચૂંટણી વખતે રાહુલ ગાંધીએ યુવા નેતાગીરીને ગુજરાત કોંગ્રેસનુ સુકાન સોંપ્યુ હતું. એટલુ જ નહીં, પ્રભારીપદે યુવા સાંસદ રાજીવ સાતવને ગુજરાતની જવાબદારી સોંપી હતી. પણ આ ત્રણેય યુવાઓ નેતાઓ કોંગ્રેસની ગુજરાતમાં મજબૂત સ્થિતી કરવામાં ધરાર નિષ્ફળ રહ્યાં છે.

એટલું જ નહીં, આ ત્રણેય નેતાઓના વખતમાં ૨૦થી વધુ ધારાસભ્યોએ પક્ષપલટો કરી કેસરિયો ખેસ ધારણ કર્યો છે જેના કારણે કોંગ્રેસની સ્થિતી વધુને વધુ નબળી બની રહી છે. આજે પેટાચૂંટણીના પરિણામો પણ કોંગ્રેસ માટે ભારે નિરાશાજનક રહ્યાં છે. આઠેય બેઠકો પર કોંગ્રેસનો રકાસ થયો હતો જેના કારણે હારની નૈતિક જવાબદારી સ્વિકારી અમિત ચાવડા અને પરેશ ધાનાણીએ મોડી સાંજે હાઇકમાન્ડ સાથે વાત કરીને રાજીનામુ આપવા તૈયારી દર્શાવી હતી. કોંગ્રેસના નબળા ચૂંટણી મેનેજમેન્ટને લીધે હારનો સામનો કરવો પડયો હતો. ભાજપે ધારીમાં ગાબડુ પાડયુ હતું. ધાનાણીનુ ય ચાલ્યુ ન હતું. આ તરફ, થોડાક વખત પહેલાં જ યુવા પાટીદાર નેતા હાર્દિક પટેલની કોંગ્રેસના પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે નિયુક્તિ કરી હતી પણ ધારી,મોરબી જેવી પાટીદાર પ્રભુત્વ ધરાવતી બેઠકો પર પણ હાર્દિક પટેલનો જાદુ ચાલ્યો ન હતો. આ બંને બેઠકો કોંગ્રેસે ગુમાવી હતી. હાર્દિક પટેલે પરિણામો બાદ ટ્વિટ કર્યું કે, હાર જીતને લીધે વેપારીઓ પાસા બદલે છે. વિચારધારાના અનુયાયી નહીં, લડીશું અને જીતીશું. આમ, કોંગ્રેસની યુવા નેતાગીરી સદંતર નિષ્ફળ રહી છે.

## સાંતેજના ફાર્મહાઉસમાં દારૂની મહેફિલ માણતા ૨૦ નબીરાઓની કરાઈ ધરપકડ

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પાસે આવેલા રણછોડપુરા ગામ નજીકના શ્રમદીપ ફાર્મ હાઉસમાં અમદાવાદના ૨૦ નબીરાને દારૂની મહેફિલ માણતાં સાંતેજ પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે ૭ ગાડી, ૨૧ મોબાઈલ સહિત રૂ. ૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મિત્રની બર્થ ડે હોવાથી મહેફિલ માણવા ભેગા થયા હતા. પોલીસને જોઈ એક આરોપીએ દારૂની બે બોટલ દીવાલની બહાર ફેંકી દીધી હતી. દારૂ પીધેલા પકડાયેલા નબીરાઓમાં અમદાવાદ શહેર કોંગ્રેસ-પ્રમુખ શશિકાંત પટેલનો પુત્ર પણ સામેલ છે.

સાંતેજ પોલીસને બાતમી મળી હતી કે રણછોડપુરા ગામ પાસે આવેલા શ્રમદીપ ફાર્મમાં કેટલાક યુવકો ભેગા થઈ દારૂની મહેફિલ માણે છે, જેથી સાંતેજ પોલીસની ટીમે ફાર્મ હાઉસમાં દરોડો પાડ્યો હતો. પોલીસને ત્યાંથી એક દારૂની બોટલ, પડીકા અને ગ્લાસ અને બે દારૂની બોટલના ખોખા મળી આવ્યાં હતાં. પોલીસને જોઈ એક આરોપીએ બંને બોટલ દીવાલની બહાર ફેંકી દીધી હતી. કલોલ ડિવિઝન Dy.SP. વી.એન.સોલંકીએ જણાવ્યું હતું કે આરોપીઓ દારૂ ક્યાંથી લાવ્યા હતા અને ફાર્મહાઉસ કોનું છે વગેરે અંગે રિમાન્ડ મેળવી તપાસ કરવામાં આવશે.

**સાંતેજમાં દારૂની મહેફિલ માણતા ઝડપાયેલા નબીરા**

દેવ શશિકાંત પટેલ
માનુસ દેસાઇ
આદિત્ય પંચાલ
હસ્ત પટેલ
યુગ રાજપુરોહિત
જય પટેલ
તીર્થ પટેલ
ખુશ્મ પટેલ
દુલાર પટેલ
શુભ પંચોલી
રામ પટેલ
તિલક લાખાણી
વંશીલ શાહ
હર્ષિલ શેલડિયા
અભિષેક પટેલ

## પંચમહાલ-ગોધરામાં આઈટી રેડ, બિલ્ડર અને વેપારીઓને ત્યાં દરોડા

અમદાવાદ,તા.૧૧

રાજ્યના પંચમહાલ અને ગોધરામાં આઈટી વિભાગે દરોડા પાડ્યાં છે. ગોધરા અને વેજલપુર વિસ્તારમાં આઈટી વિભાગે બિલ્ડર અને મોટા-મોટા વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા છે. આઈટી વિભાગના દરોડા દરમ્યાન ૪ દિવસની કામગીરીમાં બિનહિસાબી નાણું ઝડપાયું છે. જો કે હજુ પણ જપ્ત કરાયેલા દસ્તાવેજોના આધારે વધુ તપાસ હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ પંચમહાલ જીલ્લાના વડામથક ગોધરામાં આવકવેરા વિભાગે દરોડા પાડતા વેપારીઓ- બિલ્ડર લોબીમાં ફફડાટ જોવા મળ્યો હતો. દિવાળી પહેલા આવકવેરા વિભાગની કાર્યવાહીથી ગોધરામાં ડરનો માહોલ જોવા મળ્યો હતો.

ગોધરામાં તેલ વેપારીઓ, બિલ્ડર અને અન્ય વેપારીઓને ત્યા આવકવેરા વિભાગની ૧૫ જેટલી ટીમો બનાવીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બાદમાં સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. મહત્વનું છે કે, દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. તે પહેલાં જ આવકવેરા વિભાગની ટીમે દરોડા પાડ્યા હતાં. ૫ નવેમ્બરના રોજ વહેલી સવારે આવકવેરા વિભાગના અધિકારીઓ અલગ-અલગ વાહનોમાં ગોધરા જઇ પહોચ્યાં હતાં. આવકવેરા વિભાગની જુદી-જુદી ૧૫ ઉપરાંત ટીમો દ્વારા ગોધરા શહેરના અનાજ, તેલ નાના-મોટા વેપારીઓ, બિલ્ડરો, ફાયનાન્સનો વેપાર કરતા વેપારી, ઓટો મોબાઈલનો બિઝનેસ કરતા વેપારી તેમજ સ્ક્રેપનો બિઝનેસ કરતા વેપારીઓને ત્યાં વહેલી સવારથી આવકવેરા વિભાગ દ્વારા સર્વેની કામગીરી અલગ-અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આવકવેરાની તપાસના પગલે કેટલાંક વેપારીઓ અને બિલ્ડર લોબીમાં ફફડાટ જોવા મળ્યો હતો. એ જ રીતે આજે એક વાર ફરીથી પંચમહાલ-ગોધરામાં વિભાગે બિલ્ડર અને મોટા વેપારીઓને ત્યાં દરોડા પાડ્યા હતાં.

## જુહાપુરાના ભૂમાફિયા નઝીર વોરાના સામ્રાજ્ય પર ફરી છસ્ઝ બુલડોઝર ફર્યુ

અમદાવાદ,તા.૧૧

શહેરના જુહાપુરા-સરખેજ વિસ્તારના માથાભારે ભૂમાફિયા નઝીર વોરાની વધુ એક પ્રોપર્ટી પર છસ્ઝએ બુધવારે બુલડોઝર ફેરવી દીધું. વેજલપુર સોનલ સિનેમા રોડ પર ટીચર્સ કોલોનીમાં નઝીર વોરાએ બાંધેલા ૯ માળના ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામને તોડી પડાયું. નઝીરે ઝોયા રેસિડેન્સી નામની આ ઈમારત એક વર્ષ પહેલાં જ બનાવી હતી. જેના પર આજ સવારથી જ છસ્ઝની ટીમ ત્ઝઞ્મ મશીન અને અલગ-અલગ સાધનો અને પોલીસ કાફલા સાથે પહોંચી ડિમોલિશનની કામગિરી શરુ કરી દીધી હતી.

ઝોયા રેસિડેન્સીની સાથે બાજુમાં જ વસીમ સૈયદે તેના બંગલાની આગળ બનાવેલી દુકાનો પણ કોર્પોરેશનની ટીમે તોડી પાડી હતી. વસીમ સૈયદના પિતા ભૂતપૂર્વ પીઆઈ હતાં. મકતમપુરા વોર્ડમાં ઝોયા રેસિડેન્સીના નામે નઝીર વોરાએ કોમર્શિયલ બાંધકામમાં જે ૯ માળનું રેસિડેન્ટ બાંધકામ ઊભું કર્યું હતું. એ મામલે પોલીસ દ્વારા નઝીર વોરા સામે કડક કાર્યવાહી કરાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ. અગાઉ પણ અમદાવાદમાં જુહાપુરાના માથાભારે ભૂમાફિયા નઝીર વોરાએ રિઝર્વ પ્લોટમાં ગેરકાયદેસર તાણી દીધેલી ૪૪ પાકી દુકાનો પર એએમસીએ બુલડોઝર ફેરવી દીધું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરીથી બિલ્ડર લોબીમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ સાથે જ નઝીર વોરાના સામ્રાજ્ય પર તંત્રએ લાલ આંખ કરી છે.

## દિવાળીના પર્વમાં ઘરફોડ ચોરી, ચેન સ્નેચિંગને ધ્યાનમાં લઈ પોલીસનો એક્શન પ્લાન તૈયાર

ગાંધીનગર,તા.૧૧

દિવાળીના પર્વમાં ઘરફોડ ચોરી, ચેન સનેચિગ કરતા પહેલા વિચારજો. કારણ કે પોલીસ ની બાજ નજર તમારી ઉપર રહેલી છે. આ પ્રકારના બનાવ બનતા અટકાવવા માટે પોલીસ દ્વારા ખાસ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. દિવાળીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તસ્કરો માટે જાણે કે સીઝન આવી હોય તે રીતે સક્રિય થઈ જતા હોય છે. દિવાળીના વેકેશનમાં લોકો ફરવા જતા હોય છે. ત્યારે તસ્કરો આ તક નો લાભ લઈ ઘરફોડ ચોરી ના બનાવો ને અંજામ આપતા હોય છે. ત્યારે પોલીસ દ્વારા શહેરીજનોની સુરક્ષા માટે ખાસ એક્શન પ્લાન બનાવ્યો છે. મહત્વ ની વાત કરીએ તો આકસ્મિક સંજોગો સિવાય પોલીસ કર્મચારીઓની રજાઓ રદ્દ કરી દેવામાં આવી છે.

અને પોશ વિસ્તારમાં હાલ ના સમય માં પોલીસ એ નાઈટ પેટ્રોલીંગ પણ વધારવા આવ્યું છે. એટલું જ નહીં આ વિસ્તારોમાં પોલીસે સોસાયટીના ચેરમેન સાથેનું એક વોટ્સેપ ગ્રુપ પણ બનાવવામાં આવ્યું છે જેમાં જે તે સોસાયટીના રહીશો જયારે પણ બહારગામ ફરવા માટે જાય છે અને પોતાનું મકાન બંધ હોય છે ત્યારે તેની વિગત વોટ્સેપ ગ્રુપમાં મૂકવામાં આવે છે. પોલીસ આવાં મકાનો ઉપર ખાસ નજર રાખે છે જેથી કરીને ત્યાં ઘરફોડ ચોરીના બનાવો ન બને. આ ઉપરાંત પોલીસ જ્યારે પણ પેટ્રોલિંગમાં નીકળે ત્યારે સોસાયટી, ફલેટો માં જઈને એનાઉન્સમેન્ટ કરી લોકોને જરૂરી સૂચનાઓ આપી રહી છે ઘર ફોડ ચોરીના બનાવ અટકે તે માટે શું તકેદારી રાખવી જોઈએ.

શહેરના કેટલાક પોશ વિસ્તારની વાત કરીએ તો આ વિસ્તારોમાં કેટલાક છૂટાછવાયા બંગલાઓ પણ આવેલા છે જયાં પોલીસ બાઈક પર પેટ્રોલિંગ કરી રહી છે. ઉપરાંત પોલીસ લોકોને એ પણ અપીલ કરી રહી છે કે જ્યારે પણ કોઈ સ્થાનિક ઘર બંધ કરીને બહારગામ જાય છે તો પોતાનો કિંમતી સામાન અને રોકડ રકમ સલામત રીતે મૂકીને જાય. એટલે કે દિવાળીના પર્વ દરમિયાન તસ્કરો બેફામ ન બને તે માટે પોલીસે તમામ પ્રકારની તૈયારીઓ કરી છે.

## અમદાવાદમાં એક તરફ કોરોના ટેસ્ટ માટે લાઈન, બીજી તરફ બજારમાં લોકોની ભીડ

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં ધીમો વધારો થઈ રહ્યો છે તેની સામે દર્દીઓનો રીકવરી રેટ પણ સારો છે. ત્યારે લોકોમાં જાણે કોરોનાનો ડર જ નથી રહ્યો એવા દ્રશ્યો પણ જોવા મળી રહ્યાં છે. અમદાવાદ શહેરમાં કોરોનાને કાબૂમાં લેવા માટે એક તરફ સઘન ટેસ્ટિંગની વાત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે, જેની વચ્ચે આજથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સઘન ટેસ્ટિંગની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે. કોરોનાનાં લક્ષણો, જેવાં કે તાવ, શરદી કે ઉધરસ ધરાવતા લોકોના જ કોરોના ટેસ્ટ કરવામાં આવશે. સમગ્ર શહેરમાં કોરોના ટેસ્ટ માટે ડોમ ઊભા કરવામાં આવ્યા છે. ત્યાં હવે ટેમ્પરેચર ગનથી શરીરનું તાપમાન માપી રવાના કરી દેવામાં આવે છે.આ બધાની વચ્ચે હવે માત્ર લક્ષણો ધરાવતાં લોકોનાં જ ટેસ્ટ થઈ રહ્યાં છે જેના કારણે બજારોમાં પણ સામાન્ય લક્ષણો ધરાવતાં કોરોનાગ્રસ્ત લોકો ભીડમાં ફરી રહ્યાં હોવાની શક્યતાઓ છે. કે ઉપરાંત બહારથી અમદાવાદમાં ખરીદી માટે આવતા સુપર સ્પ્રેડર બનશે તો રાજ્યમાં કોરોનાની તીવ્રતા વધી શકે છે.

અમદાવાદ શહેરમાં છેલ્લા એક સપ્તાહથી જ્યાં રેપિડ ટેસ્ટ થઈ રહ્યાં છે ત્યાં ટેસ્ટ કરાવવા માટે લોકોની લાંબી લાઈનો લાગી છે. પરંતુ આજે અહીં આવનાર દરેકના રેપિડ ટેસ્ટ થતાં જ નથી અને માત્ર લક્ષણો હોય તેવા લોકોના જ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ શહેરના મોલ અને જાણીતા બજારોમાં પણ ખરીદી માટે લોકો આવી રહ્યા છે પણ સવારના સમયે અહીંયા લોકોની સામાન્ય અવર જવર હોય છે.તેની સાથે મોલમાં બજારોની સંખ્યામાં ભીડ ઓછી જોવા મળે છે.અમદાવાદના આલ્ફા ૧ મોલમાં આજે સવારે ખરીદી માટે લોકોની સામાન્ય અવર જવર હતી.તેની સાથે મોલમાં પ્રવેશતા તમામ લોકોના ટેમ્પરેચર ચેક કરવામાં આવે છે.તેની સાથે સેનેટાઈઝર પણ આપવામાં આવે છે. મોલમાં લોકોને સાવચેતીના ભાગ રૂપે નિયમો પ્રમાણે સેનેટાઈઝર અને ટેમ્પરેચર માપવાનું કાર્ય ચાલું છે.

## ઘોઘા-હજીરા ફેરી શરૂ થયાના ત્રીજા દિવસે ટેકનિકલ ખામીના કારણે બંધ પડી

ભાવનગર,તા.૧૧

વડાપ્રધાને જેને લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું તેવી ઘોઘા-હજીરા રો-પેક્સ ફેરી સર્વિસ તેના પ્રારંભના ત્રીજા દિવસે બંધ પડી ગઈ છે. આ ફેરી સર્વિસના ભવિષ્યને લઈ મુસાફરોમા અનેક પ્રકારની શંકાઓ ઉપજી છે. જેમાં ફેરી સર્વિસના પ્રારંભના ત્રીજા દિવસે શીપમાં ખામી સર્જાતા આ શિપ કે જે આજે બપોરે ૧૨ વાગે ઘોઘાથી હજીરા તરફ જવાનું હતું. પરંતુ ૬ કલાક મુસાફરો રઝળી પડ્યા બાદ સાંજે ૫ વાગે કેન્સલ કર્યાની શિપ મેનેજમેન્ટ વિભાગે જાહેરાત કરતા મુસાફરો રોષ સાથે પોતાના ઘરે પરત ફર્યા હતા.

વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટ એવા રો-પેક્સ ફેરી સર્વિસ સાચા અર્થમાં ક્યારે સાકાર થશે તેવા ઉદગારો મુસાફરોના મોઢેથી નીકળવા અને એ પણ જ્યારે ફેરી સર્વિસના પ્રારંભને માત્ર ૪૮ કલાક જ વીત્યા છે. આ ફેરી સર્વિસના ભવિષ્ય સામે અનેક સવાલો ઉભા થયા છે. રવિવારે શરૂ થયેલી ઘોઘા-હજીરા રો-પેક્સ ફેરી સર્વિસમાં ૪૮ કલાકમાં જ ખામી સર્જાઈ છે.

## અમદાવાદમાં ફરી કોરોનાએ માથું ઉચક્યું, એક જ સોસાયટીમાં નોંધાયા ૨૭ કેસ



અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં ધીરે-ધીરે કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે પરંતુ હજી પણ કેટલાંક શહેરોમાં કોરોનાના કેસો ઘટવાનું નામ નથી લઈ રહ્યાં. ત્યારે એવામાં અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલી વંદે માતરમ સીટી સોસાયટીમાં માત્ર ૩ જ દિવસમાં કોરોનાના ૨૭ પોઝિટિવ કેસ સામે આવતા તંત્રમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. નોંધનીય છે કે, રાજ્યમાં ધીરે-ધીરે જયારે શિયાળાની શરૂઆત થઇ ગઇ છે. ત્યારે શિયાળાની ગુલાબી ઠંડી વચ્ચે લોકોમાં તાવ, શરદી, ખાંસી જેવા વાયરલ કેસોમાં પણ વધારો થઇ રહ્યો છે. જેનાં લીધે શરદી, ખાંસીના કેસો વધતા લોકોમાં કોરોનાનો ડર ઊભો થયો છે. જેથી અમદાવાદમાં કોર્પોરેશન દ્વારા ઊભા કરવામાં આવેલા કોરોના ટેસ્ટિંગ માટેના કેમ્પ બનાવવામાં આવ્યાં છે ત્યાં લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત કેટલાંક દિવસથી રાજ્યમાં કોરોનાના દરરોજ નોંધાતા કેસોની સંખ્યામાં ઘટાડો થયો હતો. પરંતુ હવે કોરોના કેસોમાં સતત વધારો થતો જઇ રહ્યો છે. ત્યારે ગઇ કાલ સાંજ સુધીના કોરોનાના આંકડાઓ જોઇએ તો રાજ્યમાં નવા ૧૦૪૯ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. જેના લીધે ગુજરાતમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૧,૮૨,૭૧૯ એ પહોંચી ગઇ છે. જ્યારે રાજ્યમાં વધુ ૫ દર્દીઓએ દમ તોડતા ગુજરાતમાં કુલ મૃત્યુઆંક વધીને ૩૭૭૩ એ પહોંચ્યો છે. જ્યારે છેલ્લાં ૨૪ કલાકમાં ૮૬૯ લોકો કોરોનાને મ્હાત આપી ચૂક્યાં છે. જો કે બીજી બાજુ સારા સમાચાર એ છે કે, રાજ્યમાં સાજા થવાનો દર ૯૧.૧૧ ટકા છે. જ્યારે રાજ્યમાં ૫૨,૯૬૦ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં.

રાજ્યમાં ૫ દર્દીઓએ દમ તોડતા ગઇ કાલે અમદાવાદ કોર્પોરેશન ૩, રાજકોટ ૧, સુરત કોર્પોરેશન ૧ વ્યક્તિએ દમ તોડયો હતો. આમ, વિતેલાં ૨૪ કલાકમાં કુલ ૫ લોકોના મોત નિપજ્યા છે. જેથી ગુજરાતમાં કુલ મૃત્યુઆંક વધીને ૩૭૭૩ એ પહોંચ્યો છે. એવામાં અમદાવાદના ગોતામાં આવેલી વંદે માતરમ સીટી સોસાયટીમાં માત્ર ૩ જ દિવસમાં કોરોનાના ૨૭ પોઝિટિવ કેસ સામે આવતા તંત્ર ચિંતામાં મુકાઇ ગયું છે.

# કેશોદમાં હજારો પરિવારો ને ઉડતી ધૂળની ડમરી નું નિરાકરણ ક્યારે આવશે..?

કેશોદ (રાજુભાઈ પંડ્યા)

કેશોદના ગાંધીનગર વિસ્તાર રોડ અને રેલવે ફાટક નજીક આવેલી ખાનગી મીલમાં ચાલુ મશીનરી દરમિયાન સતત ઊડતી ધૂળની ડમરીના કારણે કેશોદના માજી પ્રમુખ જેન્તીભાઈ ધુળા સહિત સ્થાનિક લોકોએ ખાનગી મિલમાલિક ને રજૂઆત કરી કેશોદ ના ગાંધીનગર, પ્રભાત નગર,સહિતના રહેણાંક વિસ્તારોમાં સતત પ્રદૂષણયુકત વાતાવરણ રહેતું તથા ધૂળની ડમરી ભયંકર અંધાર પટ તથા ખૂબજ ઊડતી ડમરીના કારણે તથા સતત ઉડતી ધૂળથી સ્થાનિક લોકો પોતાના ઘરની બહાર ના નીકળી શકતા હોય તથા અનેક પરિવારોને બારી-દરવાજા પણ બંધ રાખવા પડતા હોય સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ મકાનો સાફ સફાઈ કર્યા છતાં આવનારા દિવસોમાં દિવાળી જેવા પર્વમાં મકાનો માં ધૂળની ડમરીઓ જામી ગઈ છે

સતત ઉડતી ધૂળ ને કારણે હાલ કોરોના જેવી કપરી પરિસ્થિતિમાં શ્ર્વાસની બીમારી તથા આસપાસના વિસ્તારો માંથી નીકળતા વાહનચાલકો રહીશો, નીકળતા ગ્રામજનો સતત પરેશાન થઈ રહ્યાની ફરિયાદો ઊઠવા પામી છે.આ

સતત ઉડતી ડમરીના કારણે મોટી માંદગીઓ ફેલાસે તો જવાબદાર કોણ ? ખાનગી મિલમાંથી સતત ઉડતી ધૂળની ડમરી ની કેશોદના માજી પ્રમુખ જેન્તીભાઇ ધુળાએ સ્થાનિક લોકોને સાથે રાખી મિલ માલિક ને રજૂઆત કરી હતી. ત્યારે ખાનગી મિલ ખાતે રજુઆત કરવા પહોંચેલા લોકોને હાજર પંકજભાઈ ગામી એ સ્થાનિક લોકોને જણાવ્યું હતુ કે આ વાતનો અમોને ખ્યાલ ન હતો પણ આવનારા ટૂંક સમયમાં જ આમનું નિરાકરણ લાવીશું એવું જણાવવામાં આવ્યું હતું. જ્યારે ખાનગી મિલ દ્વારા ઉડતી ધુળની ડમરીઓ બંધ થશે કે જવાબદાર તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવે છે કે શું તે આવનારા સમયમાં જોવાનું રહ્યું..

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ નવેમ્બરના રોજ ફરી ગુજરાતની મુલાકાતે આવશે

દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ નવેમ્બરના રોજ ફરી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ દેવદવાળીના દિવસે કચ્છમાં સ્થિત વિશ્વના સૌથી મોટા ઉર્જા પાર્કનો શિલાન્યાસ કરશે અને માંડવીમાં નવા ડિસેલીનેશન પ્લાન્ટનું ઉદઘાટન કરશે. ૩૦ દિવસમાં વડા પ્રધાન બીજી વખત ગુજરાત આવી રહ્યા છે. આ અગાઉ ૩૦-૩૧ ઓક્ટોબરે વડા પ્રધાન ગુજરાતમાં આવીને સી પ્લેનનું ઉદ્દઘાટન કર્યું હતું. આ સમય દરમિયાન, પીએમ મોદી કચ્છમાં પણ રણોત્સવ જોવા માટે જઈ શકે છે . કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુરુવારે ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ કચ્છમાં રણોત્સવનું ઉદ્દઘાટન કરશે. આ પછી, તેઓ અમદાવાદ સ્થિત તેમના નિવાસસ્થાને આવશે. કહેવામાં આવી રહ્યું છે કે અમિત શાહ તેમના પરિવાર સાથે દિવાળીનો તહેવાર ઉજવશે.કુશલ ભટ્ટ

# મહાનગર ભાજપના પ્રમુખ તરીકે ઋચિરભાઈ ભટ્ટે પદ ભાર સંભાળ્યો



ગાંધીનગર

ગાંધીનગર ભાજપના નવા વરાયેલા પ્રમુખશ્રી ઋચિરભાઇ ભટ્ટે બુધવારેસવારેસેક્ટર ૨૧ ખાતે પક્ષના કાર્યલય કમલમ્ ખાતે પદ ભાર સંભાળ્યો હતો. મહાપાલિકા વિસ્તાર સહિત જીલ્લાભરમાંથી તેમને શુભેચ્છાઓ પાઠવવા કાર્યકરો અને શુભેચ્છકો પહોંચ્યા હતાં. સંતો-મહંતોની ઉપસ્થિતિમાં પદ ગ્રહણ કરવાની સાથે પ્રમુખશ્રીએ ઉપસ્થિત રહેલા પક્ષના આગેવાનો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ, વેપારી આગેવાનો, સહકારી આગેવાનો, વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ, વડિલોનો આભાર માન્યો હતો. અભિનંદનની વર્ષાનો સ્વીકાર કરવાની સાથે ઋચિરભાઇ ભટ્ટે જણાવ્યુ હતુ કે પક્ષના પ્રમુખશ્રી સી આર પાટીલ સહિત નેતાગણ દ્વારા તેમને મહાનગર ભાજપ સંગઠનને મજબુત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે લોક સેવાના યજ્ઞમાં આહુતિ આપવાના પૂર્ણ પ્રયાસો કરશે. ઉપસ્થિત તમામ શુભેચ્છકો દ્વારા તેમને પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને સંતો-મહંતો તથા વડિલ નેતાગણ દ્વારા આશિર્વાદ પાઠવવામાં આવ્યા હતાં.

**કોર્પોરેશન દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે નઝીર વોરાનું વેજલપુર ટીચર કોલોની પાસે આવેલું ચાર માળનું ગેરકાયદેસર કોમર્શિયલ કમ રેસિડેન્ટ બાંધકામ તોડી પડાયું**



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનની એસ્ટેટ વિભાગની ટીમે આજે સવારથી વેજલપુરમાં ટીચર કોલોની પાસે આવેલા નઝીર વોરાના ઝોયા રેસિડેન્સીના ચાર માળના ગેરકાયદેસર કોમર્શિયલ કમ રેસિડેન્ટ બાંધકામને તોડી પાડવાની કામગીરી શરૂ કરી હતી. કોર્પોરેશન દ્વારા અત્યાર સુધી આ બાંધકામને ધ્યાને લેવામાં આવેલ ન હતું. સરખેજ અને જુહાપુરા વિસ્તારમાં વિસ્તારમાં પોતાની ધાક જમાવી લોકોની જમીન પડાવી લેવાના અનેક ગુના આચરનારા નજીર વોરા સામે પોલીસની કડક કાર્યવાહી બાદ કોર્પોરેશને પણ વેજલપુર અને સરખેજ પોલીસના બંદોબસ્ત સાથે નજીર વોરાના આ ગેરકાયદેસર બાંધકામને તોડી પાડવાની કામગીરી કરી હતી.

**સંવેદનશીલ સરકારનો અસંવેદનશીલ નિર્ણય...!!**

# સરકારી ઈજનેરી કોલેજમાં ઈલેક્ટ્રીક બ્રાન્ચના ૨૫ એડહોક પ્રાધ્યાપકોને છુટા કરી દિવાળી બગાડી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજય સરકારની વિવિધ સરકારી ઈજનેરી કોલેજમાં ઈલેક્ટ્રિક બ્રાન્ચમાં વર્ષોથી ફરજ બજાવતા ૨૫ સહાયક પ્રાધ્યાપકોને છુટા કરવાનો નિર્ણય કરતા દિવાળી સમયે ૨૫ પરિવારોની ખુશી છીનવી લીધી હોય તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે રાજયની વિવિધ સરકારી એન્જીનીયરીંગ કોલેજમાં ફરજ બજાવતા ૨૫ સહાયક પ્રાધ્યાપકોને રાતો રાત છુટા કરી દેવાના નિર્ણયથી પ્રાધ્યાપકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે સરકારે કોરોનાની મહામારીમાં સંવેદનશીલ બની તમામ સહાયક પ્રાધ્યાપકોનો કરાર યથાવત રાખવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે . કોરોના મહામારીના પગલે બેરોજગારી ન વધે તે માટે વડાપ્રધાન અને મુખ્યમંત્રી દ્વારા કોઇ પણ કંપની કે ખાનગી કર્મચારીઓને છુટા કરવાની મનાઇ ફરમાવાઇ છે ત્યારે રાજયની કોલેજમાં એક સામટે કોઈપણ જાણ કર્યા વિના ૨૫ કર્મચારીઓને છુટા કરી બમણા પગારે કર્મચારી નીમણુંક કરાતા આશ્ચર્ય ફેલાયું છે

પ્રાપ્ત માહિતી અનુસાર, સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજોમાં કોમ્પ્યુટર, આઈટી, ઇલેક્ટ્રીક મિકેનિકલ સહીતની વિવિધ બ્રાન્ચમાં ખાલી પડેલી પ્રાધ્યાપકોની જગ્યા ભરવા માટે સરકારે ઘણા વર્ષો પહેલા ૧૧ માસના કરાર આધારિત કોન્ટ્રાક પરના એડહોક પ્રાધ્યાપકોની નિમણુંક કરી હતી સરકારી ઈજનેરી કોલેજના પ્રાધ્યાપક પદ માટે સરકારે થોડા વર્ષ અગાઉ જીપીએસી પરીક્ષામાં પાસ થયેલ ઉમેદવારોને નોકરી રાખે તો એડહોક પ્રાધ્યાપકોને અન્યાય થાય તેમ હોવાથી હાઈકોર્ટમાં પિટિશનો થઈ હતી હતી જે અંગે કેસ ચાલતો હતો અને એડહોક પ્રાધ્યાપકોની સેવાઓ ચાલુ હતી ત્યારે ટેકનિકલ શિક્ષણ કચેરી નિયામકે ડિગ્રી અભ્યાસક્રમો માટે હયાત વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ ટેક્નિકલ શિક્ષણ કચેરી કેડર મુજબ એઆઈસીટીઈ ના ધારા ધોરણનો ઉલ્લેખ કરી વર્ષોથી કરાર આધારિત ફરજ બજાવતા એડહોક પ્રાધ્યાપકોને છુટા કરવાનો આદેશ કરતા વર્ષોથી સરકારી ઈજનેરી કોલેજમાં એડહોક પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ૨૫ કર્મચારીઓના ઘરે દિવાળી ટાણે દીવો ન સળગે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે

એડહોક પ્રાધ્યાપકોના જણાવ્યા અનુસાર જયારે સરકારી ઈજનેરી કોલેજો માં સ્ટાફની ખરેખર જરૂર હતી ત્યારે ચોથો સ્તંભ બની સેવા આપનાર એડહોક વ્યાખ્યાતાઓને વિધાર્થીઓની સંખ્યા ઘટી છે અને દૂરની કોલેજો માં બેઠકો ભરાઈ નથી એમ કરી અધ્યાપકો ની વધ બતાવી એકાએક કોઈપણ જાતની જાણ કર્યા સિવાય ૨૫ એડહોક અધ્યાપકો ના પરિવાર ના પેટ પર દિવાળી ટાણે લાત મારી છે છુટા કરાયેલ એડહોક પ્રાધ્યાપકોએ ટેક્નિકલ શિક્ષણની કચેરીના અમુક સ્ટાફ પૂર્વગ્રહ રાખી જરૂર કરતા વધારે વ્રૅજષ ભરતી માટે માંગણા પત્રક બનાવી એકમાત્ર એડહોક/કરાર આધારિત કર્મચારીને છુટા કરવાના આશયથી જ અવનવા નીતિ નિયમો અને સંદર્ભો લઈ નિર્ણય લેવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો રાજ્યમાં એડહોક સેવા કરતા ઘણા કર્મચારીઓને કાયમી કરી દેવામાં આવ્યા છે ત્યારે ગુજરાત સરકારે કોરોના મહામારી માં ૨૫ પરિવારોને વગર બીમારીએ મારી નાખ્યા છે.વધુમાં તેમને જણાવ્યું હતુ કે અત્યાર સુધી ઉચ્ચ અભ્યાસ અને અન્ય કોઈ પ્રકાર ની તાલીમ થી વંચિત રાખવામાં આવેલ હોવાથી હવે તેમને અન્ય કોઈ જગ્યાએ નોકરી મેળવવી પણ મુશ્કેલ થશે અમુક અધ્યાપકો ચાલીસી વટાવી ચૂકેલા છે, મોટાભાગના અધ્યાપકો પર ઘરડા માઁ બાપ, છોકરાઓ ની જવાબદારી છે એવામાં શિક્ષણ વિભાગ અને ટેક્નિકલ શિક્ષણ ની કચેરી ધ્વારા લેવાયેલ આ પગલું એ ગુજરાત સરકાર પર લાંછનરૂપ સાબિત થશે કારણ કે સપ્ટેમ્બર ૨૦૨૦ માં છૈંઝ્ઈ એ કરેલ એફિડેવિટ મુજબ રાજ્ય સરકારે સ્ટાફ સ્ટુડન્ટ રેશીઓ અનુસરવાનો હોય છે પણ એનો મતલબ સ્ટાફ ને છૂટો કરવો એવો નથી.



ગાંધીનગર મહાનગર વોડ નંબર 7 ના કોંગ્રેસ કોર્પોરેટર હિરલ.ઉપૅલ.જોષી ,જયરાજ સિંહ વાઘેલા અને રાકેશભાઈ પટેલ દ્વારા સફાઈ કામદાર , સુપર વાઈઝર, એસ આઈ અને દિવાળી નીમીતે સત્તત પાંચ માં વષે મિઠાઈ અને ગ્રીફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું અને તેમને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી


# પર્સ અને કાગળો પરત કરવા બાબત

**અમો ચિંતન કે. ત્રિવેદી એડવોકેટ એન્ડ નોટરીની ઓફિસ નં.૧, સેક્ટર-૧૨, વિશ્વકર્મા મંદિરમાં આવેલ છે અને અમોનું (વોલેટ) પોકેટ લેધર પર્સ બ્રાઉન કલરનું અજાણતા તા.૧૦-૧૧-૨૦૨૦ એ કોઈ લઈ ગયેલ છે યા ખોવાઈ ગયેલ છે. આ પર્સ (વોલેટ)માં કુલ રૂપિયા ૩૩૦૦૦ જેમાં ૨૦૦૦ ની ૧૫ નોટ અને ૬ ૫૦૦ ની નોટ તથા અન્ય છુટા રૂપિયા હતાં અને અમોના એડવોકેટ આઈ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, ૩ બ્લેક ચેક SBI and IOB ના સહી કરેલા, ૫ એટીએમ કાર્ડ, ક્રેડિટકાર્ડ તથા આધારકાર્ડ વગેરે હતાં જે ખૂબ જ કિંમતી અને જરૂરી કાગળો છે. આ પર્સ જે કોઈને મળે તે માણસાઈ રાખી પરત આપવા વિનંતી છે.**

**પરત આપનાર ને યોગ્ય વળતર આપવામાં આવશે**

**ચિંતન કે. ત્રિવેદી, એડવોકેટ એન્ડ નોટરી, વૈભવ નિવાસ**

**સેક્ટર-૨૭, પ્લોટ નંબર-૧૦૦૪, ગાંધીનગર**

**મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧, ૯૬૬૪૫ ૮૭૯૭૪**


# રાષ્ટ્રપતિ કોવિંદ બે દિવસ માટે ગુજરાત આવે તેવી શક્યતા

અમદાવાદ,તા.૧૧

ભારત દેશના પ્રથમ નાગરીક એવા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આગામી દિવસોમાં ગુજરાતની મુલાકાત લઈ શકે છે. એક માહિતી અનુસાર રાષ્ટ્રપતિ રામનાદ કોવિંદ રાજ્યના સ્પીકર કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગાંધીનગરમાં ૨૫ અને ૨૬ નવેમ્બરે આવી શકે છે.

ગાંધીનગરમાં ૨૫ અને ૨૬ નવેમ્બરે સ્પીકર કોન્ફરન્સ યોજાશે જેમા દેશના તમામ રાજ્યો સ્પીકર ઉપસ્થિત રહેશે. આ કોન્ફરન્સમાઁ સ મોદી વર્ચ્યુલ રેલીને સંબોધન કરશે. આ દરમિયાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતમાં બે દિવસની મુલાકાતે આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૫ નવેમ્બરના રોજ મોડી સાંજ સુધીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાત આવી શકે છે. અને ૨૬ નવેમ્બરના રોજ તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સ્પીકર કોન્ફરન્સનું આયોજનમાં ભાગ લઈ શકે છે. આ કોન્ફરન્સ લોકસભા સ્પિકરના અધ્યક્ષ સ્થાને યોજાઈ રહી છે, ગુજરાતમાંથી પણ વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી પણ હાજરી આપશે. આ ઉપરાંત મુખ્યમંત્રી તેમજ રાજ્યપાલ પણ હાજરી આપશે.

**મોડાસા ચાર રસ્તા પર ભારે ટ્રાફિક ....ટીઆરબી જવાનો ગાયબ**

# ટીઆરબી જવાનો પોલીસ ચોકીમાં ગપ્પા મારવામાં વ્યસ્ત,ટ્રાફિકથી લોકો ત્રસ્ત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તા થી મખદૂમ ચોકડી સુધી અને ચાર રસ્તા થી ડીપ વિસ્તારમાં જેવા મુખ્યમાર્ગો પર ગેરકાયદેસર ખડકાતા લારી-પથારાવાળા થી અને રોડ પર આડેધડ ખડકી દેવાતા બાઈક અને કાર, રીક્ષાઓ થી ધોરીમાર્ગ પણ અદ્રશ્ય બની જાય એટલી હદે દબાણ કરાતા રાહદારીઓ માટે ચાલવું ક્યાં તે યક્ષ પ્રશ્ન બની રહે છે દિવાળી તહેવારને લઈને મોડાસા શહેરમાં ખરીદી કરવા ભારે ભીડ ઉમટી રહી છે ચાર રસ્તા પર સતત ટ્રાફિક જામ સર્જાતા વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે શહેરના ચાર રસ્તા, બસ સ્ટેન્ડ અને અન્ય ટ્રાફિક પોઈન્ટ પર ફરજમાં મુકવામાં આવેલ પોલીસતંત્રના કર્મચારીઓ ચોકી માં અને ટ્રાફિક બ્રિગેડના જવાનો પોલીસ ચોકીમાં મોબાઈલમાં વ્યસ્ત રહેતા હોવાની સાથે ટોળેવળી વાતોમાં રચ્યા પચ્યા રહેતા ટ્રાફિકની ગંભીર સમસ્યા પેદા થઈ છે

એક બાજુ સરકાર અકસ્માતની ઘટના નિવારવા



ટ્રાફિકના નિયમો અને દંડની જોગવાઈ વધારી રહી છે બીજીબાજુ ટ્રાફિક નિયમનની અમલવારીમાં પોલીસતંત્ર સરેઆમ નિષ્ફળ રહ્યું હોય તેવા દ્રશ્યો સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર જોવા મળી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં હેલ્મેટ પહેરવાના નિયમનો તો દ્રિ-ચક્રીય વાહન ચાલકો સરેઆમ ઉલ્લાંઘન કરી રહ્યા છે ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન વાહન ચાલકોને ગુલાબના ફૂલ આપવાની સાથે દંડાતામ્ક કાર્યવાહી કરતી હોય છે ટ્રાફિક પોલીસની દંડાત્મક કાર્યવાહી જાણે તેમને અપાતા ટાર્ગેટ પૂરો થતા જ બંધ કરી દેવામાં આવતી હોય તેમ વાહન ચાલકો બિન્દાસ્ત ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી મનફાવે તેમ વાહનો હંકારી અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જી રહ્યા છે

મોડાસા ટાઉન પોલીસ, ટ્રાફિક પોલીસ અને નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસામાં ટ્રાફિક દૂર કરવા ભારે ઉદાસીનતા જોવા મળે છે "બાર વર્ષે બાવો બોલે" તેમ ફક્ત દેખાવ પૂરતી અને રોફ જમાવતી કામગીરી મહિનાના એકાદ બે દિવસ કર્યા બાદ ઠંડા પાણીમાં બેસી જતા મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા શહેરીજનો અને રાહદારીઓ માટે માથાના દુખાવા સમાન બની છે

# કોરોના સામે વોરિયર બનેલા કર્મયોગીઓની સેવાને રીટાબેન પટેલ દ્વારા બિરદાવાઈ



ગાંધીનગર

મહાનગર પાલિકા વિસ્તારમાં ફરજ બજાવતા સફાઇ કામદારો, ફાયરબ્રિગેડના કર્મચારીઓ, બાગાયત કર્મચારીઓ અને તંત્રમાં સેવા આપતા વર્ગ ૪ના તમામ કર્મચારીઓને મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા દિવાળીની ભેટ તરીકે શુદ્ધ ઘીની મિઠાઇનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ૧૫૦૦થી વધુ નાના કર્મયોગીઓનું આભિવાદન કરવાની સાથે મેયરશ્રીએ કોરોના કાળમાં અવિરત ફરજ બજાવવા બદલ તેમની સેવાને બિરદાવી હતી. કર્મચારીઓને સંબોધતા મેયરશ્રીએ જણાવ્યુ હતું કે આ કર્મયોગીઓએ જાનના જોખમની પરવા કર્યા વગર સર્વશ્રેષ્ઠ કામગીરી કરીને કોરોનાને રોકવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. મેયરશ્રીએ નવું વર્ષ સુખમય અને આરોગ્યમય નિવડે તેવી દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

મેયરશ્રી દરેક વોર્ડ ઓફિસ પર રૂબરૂ પહોંચ્યા હતાં અને સફાઇ કર્મયોગીઓ સાથે વાતચીત કરવાની સાથે તેમની સાથે સમય વિતાવ્યો હતો, ઉપરાંત તેમની સેવાઓ બદલ દરેકનો આભાર માન્યો હતો. મિઠાઇ વિતરણ કાર્યક્રમમાં તેમની સાથે મહાનગર ભાજપના નવા વરાયેલા પ્રમુખશ્રી ઋચિરભાઇ ભટ્ટ, પૂર્વ પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પટેલ તથા મહાનગર ભાજપના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતાં.

# મોડાસા રૂરલ પોલીસે ન્યુ બ્રાન્ડેડ બ્રેઝા કારમાંથી ૨ લાખનો અને એલસીબી પોલીસે બે બાઈક પર દારૂની ખેપ અટકાવી ૧૯ હજારનો દારૂ ઝડપ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ગાંધીના ગુજરાતમાં દિવાળીના તહેવારમાં કેટલાક દારૂના શોખીનો રંગે રંગાવાની સાથે વિદેશી દારૂની મહેફિલ માણી ઝુમતા હોવાથી વિદેશી દારૂની માંગ માં મોટા પ્રમાણમાં વધારો થતો હોય છે બુટલેગરો દારૂની હેરાફેરીમાં લકઝુરિયસ વાહનોનો ઉપયોગ કરી પોલીસની આંખમાં ધૂળ નાખતા હોય છે મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પરથી પસાર થતી ન્યુ-બ્રાન્ડેડ બ્રેઝા કારમાંથી ૨.૨૧ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી હરિયાણાના ૨ યુવા બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા અરવલ્લી એલસીબી પોલીસે બોર કંપા નજીક બાઈક પર ખેપ મારતા મોટા કંથારીયા ગામના ૨ શખ્સોને ૧૨ હજારના દારૂ સાથે દબોચી લીધા હતા તેમજ ધનસુરાના રહિયોલ ફાટક પાસેથી અપાચે બાઈક પર રહેલા થેલામાંથી ૭ હજારથી વધુનો દારૂ ઝડપી લીધો હતો પોલીસ ચેકીગ જોઈ ફરાર બાઈક ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના ઈનચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એસ.એન.પટેલ સહિતની ટીમે નેશનલ હાઈવે માર્ગની રાજેન્દ્રનગર ચોકડી ઉપર હાથ ધરાયેલ આ ચેકીંગ દરમ્યાન રાજસ્થાન તરફથી આવી રહેલ નંબર વગરની ગાડીને અટકાવી તલાસી લેતા પાછળની સીટ તેમજ ડીકીમાંથી ઈંગ્લીશ દારૂની ૪૦૨ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે દારૂનો જથ્થો,ગાડી અને ૩ મોબાઈલ સહિત કુલ રૂ.૭,૦૭,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.જયારે પ્રતિબંધીત વિસ્તારમાં વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરીમાં સંડોવાયેલા ગાડી ચાલક પ્રકાશ કરણસીગ જાટ અને સંદીપ સતબીરસીંગ જોગી બંને રહે.ચીડાના, તા.ગોહાણા, જિ.સોનીપથ (હરીયાણા)ને ઝડપી આ આરોપીઓ વિરૃધ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે જીલ્લાના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથધરાતા બોર કંપા નજીક થી

બાઈક પર દારૂની ખેપ મારી રહેલા બે બુટલેગરો મહેશભાઈ જયંતિભાઈ કટારા અને વનરાજ હિરા ભગોરા બંને રહે. મોટા કંથારિયા તા. ભિલોડા જી. અરવલ્લી વિદેશી દારૂની ડિલેવરી કરે તે પહેલાં દબોચી લઈ ઓફિસર ચોઈસ ક્વાર્ટરીયા નંગ. ૭૨. જેની કિંમત ૧૨,૦૦૦/- તથા મોબાઇલ, મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૩૯,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અન્ય એક બનાવમાં ધનસુરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમા રહિયોલ ફાટક નજીક મોડાસા તરફથી આવતાં વાહન ચેકિંગમાં હતા ત્યારે, વાહન ચેકીંગ જોઈ દુરથી બાઇક પરથી ઉતરી અંધારાનો લાભ લઈ બાઈક સવાર નાસી ગયો હતો. એલસીબી પોલીસે બિનવારસી બાઈક પરના થેલામાંથી વિદેશી દારૂની બોટલ નંગ.૧૨. કિંમત રૂપિયા ૭,૨૦૦/- તથા બાઈક મળી કુલ રૂપિયા ૪૨,૨૦૦/ -નો મુદ્દામાલ કબ્જે લઈ ફરાર બુટલેગર વિરુદ્ધ ધનસુરા પોલીસ મથકે ગુન્હો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK